RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 213 Dt. 26-02-2026 Page : 08 Price : Rs 3




**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication and Printing :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### હમાસ આતંકવાદી હુમલાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા મોદી

# આતંકવાદ સામે કોઈ બેવડા ધોરણ નહિ : PM

## ઈઝરાયલી સંસદ, નેસેટને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે આતંકવાદનો સામનો કરવા માટે સતત અને સંકલિત વૈશ્વિક કાર્યવાહીની જરૂર

જેરુસલેમ, તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હમાસ દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો માટે ભારતના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે, ઈઝરાયલની જેમ, ભારત પણ આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની સુસંગત અને સમાધાનકારી નીતિ ધરાવે છે જેમાં કોઈ બેવડા ધોરણો નથી. ઈઝરાયલી સંસદ, નેસેટને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે આતંકવાદનો સામનો કરવા માટે સતત અને સંકલિત વૈશ્વિક કાર્યવાહીની જરૂર છે, કારણ કે આતંકવાદ ગમે ત્યાં હોય, દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો છે.''૭ ઓક્ટોબરના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા બર્બર આતંકવાદી હુમલામાં જે લોકોનું જીવન તૂટી ગયું હતું અને જેમની દુનિયા તૂટી ગઈ હતી તેમના પ્રત્યે અને ભારતના લોકો પ્રત્યે હું ઊંડા સંવેદના વ્યક્ત કરું છું. અમે તમારી પીડા અનુભવીએ છીએ, અમે તમારા દુ:ખમાં સહભાગી છીએ. ભારત આ ક્ષણે અને તેનાથી આગળ પણ સંપૂર્ણ વિશ્વાસ સાથે ઈઝરાયલ સાથે મજબૂતીથી ઊભું છે,'' તેમણે ઉભા થઈને તાળીઓ પાડતા કહ્યું.''કોઈ પણ કારણ નાગરિકોની હત્યાને યોગ્ય ઠેરવી શકે નહીં. કોઈ પણ બાબત આતંકવાદને યોગ્ય ઠેરવી શકે નહીં.



ભારતે પણ લાંબા સમયથી આતંકવાદનું દુ:ખ સહન કર્યું છે. અમને ૨૬/૧૧ ના મુંબઈ હુમલા અને ઈઝરાયલી નાગરિકો સહિત નિર્દોષ લોકોના જીવ ગુમાવવાની યાદ છે. તમારી જેમ, અમારી પાસે પણ આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની સતત અને સમાધાનકારી નીતિ છે જેમાં કોઈ બેવડા ધોરણો નથી,'' તેમણે ઉમેર્યું.પીએમ મોદીએ કહ્યું કે આતંકવાદનો હેતુ સમાજોને અસ્થિર કરવાનો, વિકાસને અવરોધવાનો અને વિશ્વાસને નષ્ટ કરવાનો છે. ''આતંકવાદનો સામનો કરવા માટે સતત અને સંકલિત વૈશ્વિક કાર્યવાહીની જરૂર છે કારણ કે આતંકવાદ ગમે ત્યાં હોય અને દરેક જગ્યાએ શાંતિને જોખમમાં મૂકે છે. તેથી જ ભારત ટકાઉ શાંતિ અને પ્રાદેશિક સ્થિરતામાં ફાળો આપતા તમામ પ્રયાસોને સમર્થન આપે છે,'' તેમણે કહ્યું.પ્રધાનમંત્રીએ ગયા મહિને કહ્યું હતું કે, વિશ્વએ આંતરરાષ્ટ્રીય હોલોકોસ્ટ સ્મૃતિ દિવસ ઉજવ્યો હતો. ''હોલોકોસ્ટ માનવતાના સૌથી કાળા પ્રકરણોમાંનો એક છે. છતાં, તે તોફાની વર્ષોમાં પણ, માનવતાના કેટલાક કાર્યો બહાર આવ્યા. ગુજરાતના નવાનગરના મહારાજા, જેમને જામ સાહેબ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે યહૂદી બાળકો સહિત પોલીસ બાળકોને આશ્રય આપ્યો, જેમની પાસે બીજે ક્યાંય ફરવા માટે જગ્યા નહોતી,'' તેમણે કહ્યું.તેમણે નોંધ્યું કે ભારતમાં ઈઝરાયલના સંકલ્પ, હિંમત અને સિદ્ધિઓ માટે ખૂબ પ્રશંસા છે.પીએમ મોદીએ એમ પણ નોંધ્યું કે તેમનો જન્મ એ જ દિવસે થયો હતો જે દિવસે ભારતે ઔપચારિક રીતે ઈઝરાયલને માન્યતા આપી હતી અને કહ્યું કે તેઓ એવી ભૂમિ પર પાછા ફરવા માટે ખૂબ જ ખુશ છે જ્યાં તેઓ હંમેશા આકર્ષિત થયા છે. ''આ અદભુત ગૃહ સમક્ષ ઊભા રહેવું મારા માટે એક વિશેષાધિકાર અને સન્માનની વાત છે. હું ભારતના પ્રધાનમંત્રી તરીકે અને એક પ્રાચીન સભ્યતાના પ્રતિનિધિ તરીકે બીજી સભ્યતાને સંબોધિત કરું છું. હું મારી સાથે ૧.૪ અબજ ભારતીયોના અભિવાદન અને મિત્રતા, આદર અને ભાગીદારીનો સંદેશ લઈને આવું છું,'' પીએમ મોદીએ કહ્યું.''નવ વર્ષ પહેલાં, મને ઈઝરાયલની મુલાકાત લેનાર ભારતના પ્રથમ વડા પ્રધાન બનવાનું સૌભાગ્ય મળ્યું હતું, અને હું ફરીથી અહીં આવીને ખૂબ જ ખુશ છું, એવી ભૂમિ પર પાછો ફર્યો છું જ્યાં હું હંમેશા આકર્ષિત થતો હતો. છેવટે, હું તે જ દિવસે હતો જ્યારે ભારતે ઈઝરાયલને ઔપચારિક રીતે માન્યતા આપી હતી, ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦,'' તેમણે ઉમેર્યું.અગાઉ, પીએમ મોદીએ ચાગલ હોલમાં નેસેટની સત્તાવાર ગેસ્ટ બુક પર હસ્તાક્ષર કર્યા હતા. . પીએમ મોદી બે દિવસની રાજ્ય મુલાકાતે ઈઝરાયલ પહોંચ્યા હતા. તેમની સાથે વિદેશ મંત્રી એસ જયશંકર, એનએસએ અજિત ડોભાલ અને વિદેશ સચિવ વિક્રમ મિશ્રી પણ હોવાનું જાહેર કરાયું છે.

### મોદીને 'સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ' એનાયત



જેરુસલેમ :ઈઝરાયલી સંસદે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ''સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ'' એનાયત કર્યો. આ નેસેટનું સર્વોચ્ચ સન્માન છે. ભારત અને ઈઝરાયલ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા માટે પીએમ મોદીના ''વ્યક્તિગત નેતૃત્વ દ્વારા અસાધારણ યોગદાન'' ને માન્યતા આપવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઈઝરાયલી સંસદમાં પીએમ મોદીના ભાષણ પછી આ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.પોતાના ભાષણ પછી, પીએમ મોદીએ ઈઝરાયલી સંસદ, નેસેટના સભ્યો સાથે વાતચીત કરી હતી અને સાંસદોએ પીએમ મોદી સાથે સેલ્ફી અને ફોટોગ્રાફ્સ લીધા હતા.

### સુપ્રીમની નારાજગી બાદ પુસ્તકના વેચાણ પર રોક

# ''ન્યાય તંત્રમાં ભ્રષ્ટાચાર'' પ્રકરણ હટાવતું NCERT

## ધો.૮ ના સામાજિક વિજ્ઞાનના નવા પુસ્તકમાં ઉલ્લેખાયું હતું પ્રકરણ

નવી દિલ્હી, તા.૨૫

શિક્ષણ જગત અને ન્યાયતંત્ર વચ્ચે સર્જાયેલા વિવાદ બાદ NCERT(નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) દ્વારા ધોરણ -૮ના સામાજિક વિજ્ઞાનના નવા પુસ્તક 'એક્સપ્લોરિંગ સોસાયટીઃ ઈન્ડિયા એન્ડ બિયોન્ડ'(પાર્ટ-૨)ના વેચાણ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. શિક્ષણ મંત્રાલયના સૂત્રોએ આ માહિતીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે મંગળવારથી જ આ પુસ્તક બજારમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ પુસ્તકના એક પ્રકરણમાં 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' અને કેસોના મોટા બેકલોગ અંગે ટિપ્પણી કરવામાં આવી હતી, જેના કારણે દેશના ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ જોવા મળ્યો છે.

આ વિવાદની ગંભીરતા ત્યારે વધી જ્યારે ભારતના ચીફ જસ્ટિસ(CJI) સૂર્યકાંતે આ બાબતે કડક વલણ અપનાવ્યું. બુધવારે કોર્ટમાં વરિષ્ઠ વકીલો અભિષેક મનુ સિંઘવી અને કપિલ સિબલ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કપિલ સિબલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ છે એવું ભણાવવામાં આવે તે અત્યંત પરેશાન કરનારી બાબત છે.' તેના જવાબમાં CJI સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'હું કોઈને પણ આ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી આપીશ નહીં. આ એક ગંભીર બાબત છે અને આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો તે હું સારી રીતે જાણું છું.'

નવા પુસ્તકમાં સમાવિષ્ટ આ વિવાદાસ્પદ પ્રકરણમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સામાન્ય લોકો ન્યાયતંત્રના વિવિધ સ્તરો પર ભ્રષ્ટાચારનો અનુભવ કરે છે, જેના કારણે ગરીબ અને વંચિત લોકો માટે ન્યાય મેળવવો મુશ્કેલ બની જાય છે. આ સાથે જ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન મળેલી અંદાજે ૧,૬૦૦ જેટલી ફરિયાદોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે, જૂના પુસ્તકોમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને માળખા વિશે જ માહિતી હતી, તેમાં ભ્રષ્ટાચાર જેવો કોઈ ઉલ્લેખ નહોતો.

સુપ્રીમ કોર્ટે NCERTના ધોરણ ૮ના નવા પાઠ્યપુસ્તકમાં 'ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર' અને પેન્ડિંગ કેસો અંગેના પ્રકરણ સામે સુઓ મોટો(Suo Motu) લઈને કડક નારાજગી વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ મામલે અત્યંત ગંભીર વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે તેઓ ન્યાયતંત્રને બદનામ કરવાની મંજૂરી કોઈને પણ આપશે નહીં અને આ પગલું તેમને ઈરાદાપૂર્વકનું લાગી રહ્યું છે. આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટનું ધ્યાન દોર્યું કે નાના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ હોવાનું ભણાવવું એ ચિંતાનો વિષય છે, જ્યારે જસ્ટિસ બાગચીએ તેને બંધારણના મૂળભૂત માળખા(Basic Structure) વિરુદ્ધ ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, NCERTના નવા સિલેબસમાં અદાલતોમાં અંદાજે ૫ કરોડથી વધુ પેન્ડિંગ કેસો, ન્યાયાધીશોની અછત અને ભ્રષ્ટાચારને ન્યાયિક પ્રણાલીના પડકારો તરીકે દર્શાવવામાં આવ્યા હતા. જોકે, શિક્ષણ અને ન્યાયિક ગરિમા વચ્ચે સંતુલન જાળવવું અત્યંત મહત્ત્વનું હોવાથી, હાલમાં શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા જળવાય અને ન્યાયતંત્રનું મહત્ત્વ ઓછું ન થાય તે હેતુથી હાલ આ પુસ્તકને સુધારા માટે પાછું ખેંચી લેવામાં આવ્યું છે.

# અમદાવાદમાં EDએ ૫.૮૪ કરોડ રૂપિયાની સંપત્તિ કરી જપ્ત

અમદાવાદ, તા. ૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અમદાવાદમાં નવ સ્થળોએ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ દરોડા પાડ્યા હતા, જેમાં ભારતીય અને વિદેશી ચલણ, સોનું અને ચાંદી સહિત આશરે ૫.૮૪ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. આ કાર્યવાહી અનસ ગ્રુપ સાથે જોડાયેલા કથિત ગેરકાયદેસર વિદેશી રોકાણોના સંદર્ભમાં કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી ચલણમાં ભારતીય ચલણમાં ₹૧.૦૧ કરોડ (આશરે ૩૩.૩૪ લાખ), વિદેશી ચલણમાં ₹૩૩.૩૪ લાખ (આશરે ૨.૫ કરોડ), ૧.૬ કિલો (આશરે ૨.૫ કરોડ) વજનના ૧૬ સોનાના બાર અને આશરે ૮૦ કિલો (આશરે ૨ કરોડ) વજનના ૧૬૮ ચાંદીના બારનો સમાવેશ થાય છે. અનસ ગ્રુપના ભાગીદારો અને પરિવારના સભ્યોની દુબઈમાં વિદેશી મિલકતો જાહેર કરતા અસંખ્ય ગુનાહિત દસ્તાવેજો અને રેકોર્ડ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA), ૧૯૯૯ હેઠળ અમદાવાદમાં નવ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા બાદ આ મિલકતો જપ્ત કરવામાં આવી હતી. દરોડામાં અનસ ગ્રુપ અને તેના ભાગીદારોના પરિસરનો સમાવેશ થતો હતો. આ જૂથ ''એમ્બર ટોબેકો,'' ''ઉમદા ટોબેકો,'' અને ''સમા ફિલ્ટર ખૈની'' જેવા બ્રાન્ડ નામો હેઠળ તમાકુ પ્રોસેસિંગ, પેકેજિંગ અને ઉત્પાદનમાં રોકાયેલું છે. ED એ જણાવ્યું હતું કે તેની અમદાવાદ ઝોનલ ઓફિસે વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે દરોડા પાડ્યા હતા કે નાગરિયા પરિવાર (અનસ ગ્રુપ અને તેના ભાગીદારો) ના સભ્યો વિદેશમાં (દુબઈના પોશ વિસ્તારોમાં અને દુબઈમાં વિવિધ વ્યવસાયોમાં રોકાણ) ઘણી મિલકતો ધરાવે છે જેના માટે હવાલા અને ગેરકાયદેસર ચેનલો અને અનધિકૃત બેંકિંગ ચેનલો દ્વારા ભંડોળ મોકલવામાં આવતું હતું. ED ની કાર્યવાહી વિશ્વસનીય માહિતી પર આધારિત હતી જે દર્શાવે છે કે અનસ ગ્રુપ અને તેના ભાગીદારો સાથે સંકળાયેલા નાગરિયા પરિવારના સભ્યો પાસે દુબઈના સમૃદ્ધ વિસ્તારોમાં અસંખ્ય વિદેશી સંપત્તિઓ હતી.

આરોપો સૂચવે છે કે ભંડોળ વિદેશમાં અનધિકૃત નાણાકીય ચેનલો દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું, જેમાં હવાલા સેવાઓનો સમાવેશ થાય છે, જે કાનૂની બેંકિંગ પ્રક્રિયાઓને અવરોધે છે. ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ માં નિર્ધારિત નિયમો હેઠળ અમલીકરણ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ કાનૂની માળખાનો હેતુ વિદેશી વિનિમય વ્યવહારોને નિયંત્રિત કરવાનો અને ગેરકાયદેસર મૂડીના પ્રવાહને રોકવાનો છે.

### પેલેસ રોડ પર, આશાપુરા મંદિર સામે ''ધ બર્નિંગ એપાર્ટમેન્ટ''

# મનમંદિર એપાર્ટમેન્ટમાં આગ : માતા-પુત્રનું મોત



**ચોથા માળે લાગેલી આગથી અફરાતફરી : ૨-૩ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી બુઝાવી આગ**

રાજકોટ, તા.૨૫

શહેરના પેલેસ રોડ ઉપર આવેલા મન મંદિર એપાર્ટમેન્ટના ચોથા માળે રાત્રિના ૧૧:૩૦ વાગ્યા પછી અચાનક આગ ભભૂકી ઉઠતા આ બનાવમાં માતા-પુત્રના ગંભીર રીતે દાઝી જવાથી કમકમાટી ભર્યા મોત થયા હતાં. બનાવની જાણ પરથી તાત્કાલિક મનપાના ફાયર ફાઈટરની બે થી ત્રણ ગાડી ઘટના સ્થળે પહોંચી જઈને આગને કાબુમાં લઈ લીધી હતી. પરંતુ ત્યાં સુધીમાં ગંભીર રીતે ઈજા પામેલા બે લોકોને સરકારી એમ્બ્યુલન્સ ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બન્નેને ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતાં.

બનાવને સમર્થન આપતા ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ રાજકોટ મિરરને રાત્રીના ૧૨:૨૦ વાગ્યે જણાવ્યું હતું કે આગનો બનાવ બન્યો છે. પેલેસ રોડ પર, આશાપુરા મંદિરની સામે, વર્ધમાન નગર-૯ના ખૂણા પર આવેલા મન મંદિર એપાર્ટમેન્ટમાં ચોથા માળે ભગવાનજીભાઈ પુજારાના મકાનમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર ફાયટરોએ સમય સચુકતા વાપરીને તાત્કાલિક પહોંચી જતા આગને બુઝાવી દેવાઈ હતી. પરંતુ આગમાં પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા (ઉ.૯૨) તેમજ નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજાવરા (ઉ.૬૧)ની સ્થિતી ગંભીર બનતા તાત્કાલીક સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ ફરજ પરતા તબીબો બન્નેને બચાવી શકયા ન હતાં. બનાવથી અડધી રાત્રે પેલેસ રોડ પર અફરાતફરી મચી ગઈ હતી અને આસપાસમાં રહેતા લેતાવાસીઓમાં નાસ ભાગ મચી ગઈ હતી. પ્રાથમિક રીતે શોટસર્કીટથી આગ લાગી હોવાના અનુમાન સાથે તપાસ શરુ કરાઈ છે.

પ્રભાબેન અને નરેન્દ્રભાઈ પુજારાના મૃત્યુની પૃષ્ટિ સિવિલ હોસ્પિટલ ચોકીના પોલીસમેન ધર્મેશભાઈએ 'રાજકોટ મિરર' સમક્ષ કરી હતી. બનાવની જાણ થતા જ વોર્ડ ૮ ના પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષીનેતા સહિત ભાજપના પૂર્વ મહામંત્રી અને હાલના નગર સેવક નેહલ શુક્લ, સોની સમાજના આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા.

બજેટની ચર્ચા પર પંચાયત મંત્રી ઋષિકેશ પટેલનો વિધાનસભામાં જવાબ

# ગુજરાતને રમતગમતની રાજધાની તરીકે વિકસાવાશે

## કોમનવેલ્થની યજમાનીથી નવી ગતિ મળશે-મંત્રી ઋષિકેશ પટેલ : પાંચ વર્ષથી ગુજરાત સ્ટાર્ટ અપ ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે

ગાંધીનગર, તા.૨૫

વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે વિધાનસભા ગૃહમાં ઉર્જા અને પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જવાબ આપ્યો હતો મંત્રી એ કહ્યું હતું કે,વિકસિત ભારત-૨૦૪૭ નું જે લક્ષ્ય છે તેને પૂર્ણ કરવાની દિશામાં દેશના યુવાનો, મહિલાઓ, બાળકો, વૃધ્ધો, સહિત સમાજનો દરેક વર્ગ પોતાનું યોગદાન આપી રહ્યો છે.

શિક્ષિત, ઉત્કૃષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર યુવાશક્તિના નિર્માણ માટે બજેટમાં 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે ૨૨૬ કરોડ રૂપિયાનું પ્રાવધાન કર્યું છે. જેમાં યુવાનોને ઉદ્યોગો ક્ષેત્રની માંગ મુજબ કૌશલ તાલીમ આપવામાં આવશે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત ૭૪ તાલુકાઓમાં આધુનિક સેન્ટ્રલાઇઝડ કિચન નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. જેના માટે રૂ. ૫૫૨ કરોડની જોગવાઇ કરાઇ છે. ઉચ્ચ શિક્ષણ વિભાગે ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓમાં બેઠકોનું રી-સ્ટ્રકચરીંગ કર્યું જેના પરિણામે વર્ષ ૨૦૨૨ થી ડિગ્રી અને ડિપ્લોમાંના એડમીશનમાં સતત વધારો થયો છે. ડિગ્રી એન્જીનિયરીંગમાં વર્ષ ૨૦૨૨માં ૫૦.૫૪ ટકા બેઠકો ભરાતી હતી. જે વર્ષ ૨૦૨૫માં વધીને ૯૧.૧૮ ટકા થઇ છે. ડિપ્લોમાં એન્જીનિયરીંગમાં વર્ષ ૨૦૨૨માં ૬૯.૨૮ ટકા બેઠકો ભરાતી હતી. જે વર્ષ ૨૦૨૫માં વધીને ૮૭.૬૦ ટકા થઈ. વિદ્યાર્થીઓને ઓછી ફીમાં ઈજનેરી અભ્યાસ મળી રહે તે માટે આગામી વર્ષમાં ૨૫૦૦ જેટલી નવી બેઠકો વધારવાનું આયોજન હાથ ધરાયેલ છે.

હવેનો સમય અંઈ અને ડિપ ટેક્નો યુગ છે. તાજેતરમાં જ ભારતે અંઈ ઇમ્પેક્ટ ગ્લોબલ સમીટની મેઝબાની કરી. જેમાં સમગ્ર વિશ્વમાંથી અગ્રણીઓ આ સમીટમાં જોડાયા હતા. મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ભાજપના વિરોધમાં કોંગ્રેસ હવે સીધી રીતે ભારત દેશના હિતોનો વિરોધ કરી રહી હોય તેવું જણાય છે. જેવી રીતે પરિવારના આંતરિક ઝઘડા મહેમાનો સામે જાહેર નથી કરાતા, તેવી જ રીતે દેશના આંતરિક પ્રશ્નો વિદેશી મંચ પર રજૂ ન કરવા જોઈએ.



દેશમાં જનસમર્થન ન મળતા, કોંગ્રેસ વિદેશી ધરતી પર જઈને ભારતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનું કાર્ય કરી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરની અંઈ સમીટમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરવામાં આવેલું અભદ્ર વિરોધ પ્રદર્શન દેશ માટે શરમજનક છે. વિદેશી મહેમાનોની હાજરીમાં આ પ્રકારનું પ્રદર્શન કરવું એ વિશ્વ ફલક પર ભારતની ગરિમાને ઠેસ પહોંચાડવાનું એક પૂર્વ-આયોજિત કાવતરું હોવાનું જણાય છે.

જ્યારે દેશની યુવાશક્તિ માટે વિકાસના નવા અવસરો ખુલ્યા છે ત્યારે તેમના મનમાં પણ શંકાઓ ઉભી કરવાના અને માત્ર પોતાની સસ્તી પ્રસિધ્ધી મેળવવાનાં ઉદ્દેશ્યથી કોંગ્રેસ અંઈ સમીટનો પણ વિરોધ કર્યો. ગુજરાત જેમ સ્ટાર્ટઅપ ક્ષેત્રે ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રહ્યું છે. તેવી રીતે અંઈ ક્ષેત્રમાં પણ યુવાનોને તક મળે તે માટે અંઈ અને ડિજીટલ ગવર્નન્સના ઈનિશ્યેટિવમાં અગ્રેસર રાખવા આ વર્ષના બજેટમાં રૂ. ૮૫૦ કરોડથી વધુની રકમ ફાળવી છે અને ડેટા ફ્યુઝન સેન્ટર તથા સેન્ટર ઓફ એક્સલન્સની જાહેરાત કરી છે.

છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત સ્ટાર્ટ અપ ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે. યુવા શક્તિ તેમના સ્વપનાઓનું ઉડાન ભરી શકે તે માટે માઈન્ડ ટુ માર્કેટની સફર રાજ્ય સરકારને નવી પાંખો આપી રહી છે. તે માટે શ-ઈીબ જેવી સંસ્થામાં યુવાનોના નવસર્જનને નવીન દિશા પણ મળી રહી છે. જેને વધુ સુદ્રઢ બનાવવા શ-ઈીબ, અમદાવાદ અને શ-ઈીબ ના ચાર પ્રાદેશિક કેન્દ્રો ખાતે વિવિધ કામગીરી માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

રાજ્યમાં રી-સર્ચ અને ઉદ્યોગ સાહસીકતા તેમજ નવીનતાને વધારવા માટે ઈંઈઝ મોડલ પ્રમાણે અમદાવાદમાં રીસર્ચ પાર્ક સ્થાપવાનું શરૂ કર્યું છે. એલ.ડી. એન્જીનિયરીંગ તથા વિશ્વકર્મા એન્જીનિયરીંગ કોલેજ, ચાંદખેડા ખાતે ૧,૦૦૦ વિદ્યાર્થીઓ માટે રહેવા માટે હોસ્ટેલની સુવિધા. છ સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ક્લોઝ સિસ્ટમ આઇ.સી.યુ.ની સેવાઓ ઉપલબ્ધ કરાવવા તબીબી સાધનોની ખરીદી કરવા રૂ.૬૦ કરોડની જોગવાઇ કરાઇ છે. જેના કારણે આઇ.સી.યુ.માં દાખલ દર્દી માટે ડેડીકેટેડ ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ ઉપલબ્ધ થશે, તમામ પ્રકારના મલ્ટીસ્પેશ્યાલિસ્ટ ડોકટર્સ આ ક્લોઝ સિસ્ટમ ઈ.ઈ.ઞ.માં ઉપલબ્ધ બનતા સારવારની ગુણવત્તામાં સુધારો થશે અને મૃત્યુદર પણ ઘટાડી શકાશે. કોમનવેલ્થ ગેમ્સની યજમાનીથી ગુજરાતને ભારતની રમતગમતની રાજધાની તરીકે વિકસિત કરવાની પ્રક્રિયાને નવી ગતિ મળશે. દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઇપ લાઇન યોજના માટે રૂ.૧૨૩૭ કરોડ, સૌની યોજના માટે રૂ.૪૭૩ કરોડ તથા કચ્છની યોજના માટે રૂ.૧૩૩૩ કરોડ એમ કુલ રૂ.૩૦૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

વલસાડ જિલ્લાના મધુબન ડેમ આધારિત ધરમપુર-કપરાડા ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા ૩૫ ગામોના ૧૬૨૩૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે. જેના માટે રૂ.૮૫ કરોડની જોગવાઇ કરાઇ છે. આજે ગુજરાત સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે પણ નોંધનીય સિધ્ધિ હાંસલ કરી રહ્યું છે. સાણંદમાં સ્થાપિત સેમીકન્ડકટર માટે માઇક્રોનનો પ્લાન ગુજરાતની આગવી ઓળખ ફક્ત દેશમાં જ નહીં સમગ્ર વિશ્વમાં ઉભી કરશે. જેના થકી ગુજરાત સેમીકન્ડક્ટર માટેનું હબ બની રહેશે. રાજ્ય સરકારે આ વર્ષે સેમીકન્ડક્ટર પોલીસી અંતર્ગત રૂ. ૧,૧૦૦ કરોડની ફાળવણી પણ કરી છે. તેવી જ રીતે ઇલેક્ટ્રોનીક્સ પોલીસી અંતર્ગત પણ રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે. આત્મનિર્ભર ભારતની પહેલને સાકાર કરવા રાજ્ય પાસે સંગ્રહિત પરંતુ હાલમાં વણવપરાયેલ વિપુલ ખનીજ સંસાધનો અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મેળવવામાં આવશે. જે પૈકી અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ ભૂગર્ભ કોપર-લેડ-ઝીંક ખાણ બનશે. જે આયાતની નિર્ભરતા ઘટાડશે. આ માટે રૂ.૬૧૩ કરોડની જોગવાઇ કરાઇ છે.

કચ્છમાં ઈઈઅછઈઊઝ (બીઅરબેટ)-બોર્ડર પોસ્ટ એરીયામાં ૧૦ કિ.મી.નો એલીવેટેડ કેબલ નેટવર્કનો પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે. જેના લીધે ઇજાક્ષ, ઈડ઼ઠઉ જેવી સુરક્ષા એજન્સીઓને ગુણવત્તાયુક્ત અવિરત વિજ પુરવઠો મળી રહ્યો છે. તેવી જ રીતેરાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઈનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે.

૨૬મી એપ્રિલે યોજાનાર પરીક્ષાઓ હવે ૧૦ મી મે એ યોજાવાની સત્તાવાર જાહેરાત

# GPSCની પ્રાથમિક કસોટીની તારીખમાં ફેરફાર




ગાંધીનગર, તા.૨૫

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિવિધ સંવર્ગોની ભરતી માટે લેવામાં આવનાર પ્રાથમિક કસોટી (સામાન્ય અભ્યાસ)ની તારીખમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.

અગાઉ જાહેર કરાયેલી ૨૬-૦૪-૨૦૨૬ની પરીક્ષા તારીખ હવે બદલીને ૧૦-૦૫-૨૦૨૬ (સમયઃ ૧૧થી ૧૨.૦૦) નિર્ધારિત કરવામાં આવી છે. ઉમેદવારોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું આયોગે સત્તાવાર જાહેરાતમાં જણાવ્યું છે.

આયોગની વેબસાઈટ પર પહેલા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ અમુક જાહેરાતોની પ્રાથમિક કસોટી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાવાની હતી. જોકે, ઉમેદવારો દ્વારા વિવિધ પરીક્ષાઓ વચ્ચેના અંતર, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખો અને લોજિસ્ટિક કારણોસર રજૂઆત કરવામાં આવી હતી. તે રજૂઆતોના અનુસંધાને આયોગે પુનર્વિચાર કરી કુલ ૬૧ જાહેરાતોની પ્રાથમિક કસોટી હવે ૧૦ મે, ૨૦૨૬ના રોજ યોજવાનો નિર્ણય કર્યો છે.

ફેરફારનો પ્રભાવ વર્ગ-૧ અને વર્ગ-૨ના અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ પર પડશે. તેમાં આચાર્ય, વર્ગ-૨ (ખાસ ભરતી), ઉદ્યોગ અધિકારી (ખજાખઊ) વર્ગ-૨, ઉદ્યોગ અધિકારી (કમિશનર કચેરી), બાળ વિકાસ યોજના અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી, નાયબ માહિતી નિયામક (વર્ગ-૧) અને સહાયક માહિતી નિયામક (સંપાદન), અધિક્ષક પુરાતત્ત્વવિદ, નિયામક ગ્રંથાલય, મદદનીશ વહીવટી અધિકારી સહિતના પદોનો સમાવેશ થાય છે.

તારીખમાં ફેરફારને કારણે ઉમેદવારોને તૈયારી માટે વધારાનો સમય મળશે, જે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ બની શકે છે. પરીક્ષા આયોજનમાં પારદર્શિતા અને ઉમેદવારોના હિતને પ્રાથમિકતા આપવાના આયોગના પ્રયાસ તરીકે આ નિર્ણય જોવામાં આવી રહ્યો છે. આ સાથે જ, પરીક્ષા કેન્દ્રો અને અન્ય વ્યવસ્થાઓ અંગેની વિગતવાર માહિતી આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

# ગૌવંશ સંરક્ષણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ : વેકરીયા

## બે વર્ષમાં રાજ્યભરમાંથી ગૌવંશની હેરફેર કરતા કુલ ૬૨૯ ગુનાઓ નોંધાયા; ૧,૮૧૦ આરોપીઓની ધરપકડ : ૧,૮૦૦ ગૌવંશને કતલખાને જતા બચાવીને ૪૩૩ વાહનો જપ્ત કરાયા; ૩૩૯ વાહનોની હરાજી કરાઈ

રાજકોટ, તા.૨૫

ગુજરાત વિધાનસભામાં મહીસાગર અને અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ગૌમાંસ અને ગૌવંશની ગેરકાયદે હેરફેરના મુદ્દે પૂછાયેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર આપતા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ગૃહને સરકારની કડક કામગીરીથી અવગત કરાવ્યા હતા.

રાજ્યવ્યાપી કામગીરીનો ચિતાર રજૂ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં કુલ ૬૨૯ ગુનાઓ નોંધી ૧,૮૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આશરે ૫૪,૦૦૦ કિલો ગૌમાંસ અને ૧,૮૦૦ ગૌવંશને કતલખાને જતા બચાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૪૩૩ વાહનો જપ્ત કરી તે પૈકી ૩૩૯ વાહનોની હરાજી પણ કરવામાં આવી છે.

ગૌવંશ હેરફેર કરતા તત્વો વિરુદ્ધ અટકાયતી પગલાં તરીકે ૧૮૪ ઇસમો વિરુદ્ધ પાસા (ઙઅજઅ) અને ૫૦ ઇસમો વિરુદ્ધ તડીપારની કાર્યવાહી કરાઈ છે.



રાજ્યમાં આશરે ૬ કરોડ રૂપિયાની ૩૯ મિલકતો પર 'દાદાનું બુલડોઝર' ફેરવી દેવામાં આવ્યું છે.

મંત્રીએ ભાવુક સ્વરે જણાવ્યું હતું કે, ગાય એ આપણી સંસ્કૃતિમાં માત્ર પશુ નથી, પરંતુ માતા સમાન પૂજનીય છે, જેમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ છે. રાજ્ય સરકાર આવા ગુનાઓમાં કડકમાં કડક સજા અપાવવા માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની પણ નિમણૂક કરી રહી છે, જેથી આરોપીઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં ન આવે.

ગૌવંશ સંરક્ષણના કાયદા હેઠળ અમરેલી જિલ્લામાં થયેલી કડક કાર્યવાહી અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં કુલ ૧૨ ગુનાઓમાં ૨૧ આરોપીઓને જેલની સજા અને રોકડ દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં ૩ આરોપીઓને આજીવન કેદ, ૧૧ આરોપીઓને ૧૦ વર્ષની કેદ અને ૩ આરોપીઓને ૦૭ વર્ષની કેદની સજા કરવામાં આવી છે. તદ્દુપરાંત, આ આરોપીઓ પાસેથી કુલ રૂ. ૪૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે.

મહીસાગર જિલ્લામાં પોલીસની સતર્કતા અંગે તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ૮ ગુનાઓ દાખલ કરી ૧,૯૪૦ કિલો ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું છે. આ કાર્યવાહી દરમિયાન ૧૦ જેટલા ગૌવંશને બચાવી લેવાયા છે અને ૨૮ આરોપીઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરી છે. તદ્દુપરાંત, મહીસાગર જિલ્લામાં કુલ ૧૩ વાહનો પણ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**૧૮૪ ઇસમો વિરુદ્ધ પાસા (PASA) અને ૫૦ ઇસમો વિરુદ્ધ તડીપારની કાર્યવાહી : આવા ઇસમોની આશરે ૬ કરોડ રૂપિયાની ૩૯ મિલકતો પર 'દાદાનું બુલડોઝર' ફેરવી દેવાયું : ગૌમાંસ હેરફેરના આરોપીઓ સામે કડક કાર્યવાહી પણ થશે અને દાદાનું બુલડોઝર પણ ફેરવવા તૈયાર**

# બાલાસિનોરના 'જુરાસિક પાર્ક'નો ૧૪૪ લાખના ખર્ચે વિકાસ!

## સહેલાણીઓને 5D થિયેટર, VR અને હોલોગ્રામનો મળશે અનુભવ : ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી

મહીસાગર, તા.૨૫

બાલાસિનોર તાલુકાના રૈયાલી ખાતે આવેલ વિશ્વપ્રસિદ્ધ ડાયનોસોર પાર્ક આવેલું છે. આ ડાયનોસોર પાર્ક અને મ્યુઝિયમમાં પ્રવાસીઓની સુવિધા વિસ્તારવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રૈયાલી વિકાસના અંગેનો મુદ્દો હાલ ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્ર ૨૦૨૬-૨૭ના આજે નવમાં દિવસે ગૃહમાં ચર્ચાયો હતો.

મહીસાગરઃ બાલાસિનોર તાલુકાના રૈયાલી ખાતે આવેલ વિશ્વપ્રસિદ્ધ ડાયનોસોર પાર્ક આવેલું છે. આ ડાયનોસોર પાર્ક અને મ્યુઝિયમમાં પ્રવાસીઓની સુવિધા વિસ્તારવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રૈયાલી વિકાસના અંગેનો મુદ્દો હાલ ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્ર ૨૦૨૬-૨૭ના આજે નવમાં દિવસે ગૃહમાં ચર્ચાયો હતો.








આ મુદ્દો રજૂ કરતા બાલાસિનોર વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય માનસિંહ ચૌહાણે ગૃહમાં પૂછ્યું હતું કે, વિશ્વપ્રસિદ્ધ ડાયનોસોર પાર્કમાં કેવા પ્રકારની સુવિધા સરકાર દ્વારા કરવામાં આવનાર છે? જેના જવાબમાં પર્યટન વિભાગનાં મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ડાયનોસોર મ્યુઝિયમ ખાતે 'ફેઝ-૨' (ઙવફતય-૨) અંતર્ગત અનેક અત્યાધુનિક ટેકનોલોજી આધારિત સુવિધાઓ પૂર્ણ કરવામાં આવી છે.

આ મુદ્દો રજૂ કરતા બાલાસિનોર વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય માનસિંહ ચૌહાણે ગૃહમાં પૂછ્યું હતું કે, વિશ્વપ્રસિદ્ધ ડાયનોસોર પાર્કમાં કેવા પ્રકારની સુવિધા સરકાર દ્વારા કરવામાં આવનાર છે? જેના જવાબમાં પર્યટન વિભાગનાં મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ડાયનોસોર મ્યુઝિયમ ખાતે 'ફેઝ-૨' (ઙવફતય-૨) અંતર્ગત અનેક અત્યાધુનિક ટેકનોલોજી આધારિત સુવિધાઓ પૂર્ણ કરવામાં આવી છે.

સરકારે આપેલી માહિતી મુજબ આવનારા દિવસોમાં પ્રવાસીઓ આ રૈયાલી ડાયનાસોર પાર્કમાં ૫ઉ થિયેટર અને ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટીનો અનુભવ કરી શકે તેવી ગેલેરી તૈયાર થશે. ઉપરાંત એક્સપેરિમેન્ટ લેબોરેટરી અને હોલોગ્રામ જેવી આધુનિક સુવિધા સહિત સેમી-સર્ક્યુલર અને ૩ડી પ્રોજેક્શન મેપિંગ સુવિધા પણ અહીં વિકસાવવામાં આવી રહી છે. સાથે જ ડાયનાસોર પાર્ક ખાતે આવેલા મ્યુઝિયમમાં વિશેષ મૂડ લાઈટિંગની જાળવણી અને નિભાવણ સહિત વિકસિત બનાવવામાં આવી રહી છે.

સરકારે આપેલી માહિતી મુજબ આવનારા દિવસોમાં પ્રવાસીઓ આ રૈયાલી ડાયનાસોર પાર્કમાં ૫ઉ થિયેટર અને ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટીનો અનુભવ કરી શકે તેવી ગેલેરી તૈયાર થશે. ઉપરાંત એક્સપેરિમેન્ટ લેબોરેટરી અને હોલોગ્રામ જેવી આધુનિક સુવિધા સહિત સેમી-સર્ક્યુલર અને ૩ડી પ્રોજેક્શન મેપિંગ સુવિધા પણ અહીં વિકસાવવામાં આવી રહી છે. સાથે જ ડાયનાસોર પાર્ક ખાતે આવેલા મ્યુઝિયમમાં વિશેષ મૂડ લાઈટિંગની જાળવણી અને નિભાવણ સહિત વિકસિત બનાવવામાં આવી રહી છે. જ્યારે રૈયાલી ડાયનાસોર પાર્કમાં આ સુવિધા માટે કેટલા ખર્ચ કરવામાં આવ્યો તે અંગેના પેટા પ્રશ્ન પૂછતા પ્રવાસન વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુવિધા વધારવા માટે તેમજ આધુનિક સુવિધાઓ વિકસાવવા પાછળ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૧૪૪.૪૬ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ રૈયોલી ખાતે આવેલા ડાયનાસોર પાર્કમાં આ નવા આકર્ષણો સાથે આધુનિક સુવિધા ઉમેરો કરવા માટેનું રાજ્ય સરકારનું આયોજન છે.

જ્યારે રૈયાલી ડાયનાસોર પાર્કમાં આ સુવિધા માટે કેટલા ખર્ચ કરવામાં આવ્યો તે અંગેના પેટા પ્રશ્ન પૂછતા પ્રવાસન વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુવિધા વધારવા માટે તેમજ આધુનિક સુવિધાઓ વિકસાવવા પાછળ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૧૪૪.૪૬ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ રૈયોલી ખાતે આવેલા ડાયનાસોર પાર્કમાં આ નવા આકર્ષણો સાથે આધુનિક સુવિધા ઉમેરો કરવા માટેનું રાજ્ય સરકારનું આયોજન છે.

મહત્વનું છે કે, રૈયોલીમાં ખાતેના ૧૩ પ્રકારનાં ડાયનાસોરનાં અવશેષો મળ્યા છે. જે બાદ રૈયોલી ખાતે વિકસાવવામાં આવેલ આ ડાયનાસોર પાર્ક હાલ ભારતના જુરાસિક પાર્ક તરીકે ઓળખાય છે. તેમજ રૈયોલીનો આ વિસ્તાર ફોસિલ પાર્કની વિશ્વની બીજા નંબરની સાઈટ તરીકે ઓળખાય છે, ત્યારે આગામી સમયમાં આ પાર્કને વધુમાં વધુ વિકસાવવા માટે સરકારે આયોજન કર્યું છે. મહત્વનું છે કે, રૈયોલીમાં ખાતેના ૧૩ પ્રકારનાં ડાયનાસોરનાં અવશેષો મળ્યા છે. જે બાદ રૈયોલી ખાતે વિકસાવવામાં આવેલ આ ડાયનાસોર પાર્ક હાલ ભારતના જુરાસિક પાર્ક તરીકે ઓળખાય છે. તેમજ રૈયોલીનો આ વિસ્તાર ફોસિલ પાર્કની વિશ્વની બીજા નંબરની સાઈટ તરીકે ઓળખાય છે, ત્યારે આગામી સમયમાં આ પાર્કને વધુમાં વધુ વિકસાવવા માટે સરકારે આયોજન કર્યું છે.

જંગલેશ્વરની કહાની બેઘરોની જુબાની..!

# સામાન રસ્તા પર રાખું, પથારીવશ દિકરીને ક્યાં રાખું?

## કોઈને સગા- સંબંધીએ આશરો આપ્યો તો કોઈ માટે પહેલો સગો પાડોશી બન્યા, કેટલાક વિસ્તાર છોડવા મજબુર બન્યા





### મહાનગરપાલિકા અસરગ્રસ્તોને રેન બસેરામાં સમાવેશ કરી ન શકે? : વર્ષ ૨૦૧૧-૧૨માં જંગલેશ્વરનાં લોકોને BSUP યોજના હેઠળ ૫૯૮ આવાસો ફાળવ્યા હતા : મ્યુ. કમિશ્નરનો લુલો બચાવ

રાજકોટ , તા. ૨૫

મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વરમાં ઈતિહાસનું સૌથી મોટું મેગા ડિમોલિશન કરી ૧૫૦૦થી વધારે ગેરકાયદે બાંધકામો કોઈ વિવાદ કોઈ વિરોધ વગર તોડી પાડ્યાનો જશ લઇ રહી છે. બીજી બાજું ડિમોલિશનના પગલે અનેક પરિવારો બેઘર બન્યા છે. કોઈને સગા અને સંબંધીએ આશરો આપ્યો છે તો કોઈ માટે પહેલો સગો પાડોશી બન્યા છે. અનેક લોકો પોતાના વર્ષો જુના આશિયાના છોડવા મજબુર બન્યા હોવાનું છે. ૪૦ વર્ષની દિવ્યાંગ અને પથારીવશ પુત્રીની માતાએ વ્યથા ઠાલવતા કહ્યું હતું કે, “હું સામાન તો રોડ ઉપર રાખું પણ પથારીવશ દિકરીને લઈને ક્યાં જાઉં? મારી દિકરી સાવ પથારીવશ છે, દીકરીનું શુ કરૂ?‘‘

ડિમોલિશનમાં પોતાનું ઘર ગુમાવનાર પરિવારના મોભી હલીમાબેને જણાવ્યું હતું કે, મારા પરિવારમાં અમે ૮ લોકો છીએ, છેલ્લા ૫૦-૫૨ વર્ષથી જ્યાં રહેતા હતા.એ આશરો છીનવાઈ ગયો છે. મેં ભઠ્ઠામાંથી ઈંટો ઉપાડી-ઉપાડીને મકાન બનાવ્યું હતું. એ મકાનને સરકારે કાટમાળ બનાવી દીધું છે.

મારા પતિ પણ કાંઈ કામ કરી શકતા નથી. મારો દિકરો પણ અપંગ છે પણ, એ મજૂરી કરીને ભરણ પોષણ કરે છે. મારે એક અપંગ દિકરી પણ છે. સામાન ફૂટપાથ પર રાખીએ પણ દિવ્યાંગ પુત્રીને ક્યાં રાખીએ ? મારા દીકરાનાં નાના-નાના છોકરાંવ સવાલ કરે છે કે, આ આપણા મકાન કેમ પાડી નાખ્યા ? આપણે ક્યાં રહીશું ? એને શુ જવાબ આપું ? અત્યારે બીજા આપે છે ત્યારે અમે જમીએ છીએ. અમારે સામાન પણ જુદી-જુદી જગ્યાએ મુકવો પડ્યો છે.

અમારા સંબંધી સારા છે એટલે તેમણે આશરો આપ્યો છે. પણ ક્યાં સુધી રાખી શકશે ? આટલા જુલમ ન કરો, જરાક કુદરતનો ડર રાખો. અમે કેટલા દુઃખી છીએ તે તો જુઓ. હાથપગ હોય તેવા લોકો પણ પરેશાન થાય છે, તો અમારા ઘરમાં તો બે વિકલાંગ છે. જેમાં દિકરી સાવ પથારીવશ છે. અને દીકરો દિવ્યાંગ હોવા છતાંય મજૂરી કરીને ઘર ચલાવે છે. બંને જુડવા છે, ૪૨ વર્ષના થયા છે. તો મારે શું કરવું અને આમ દિવસો કેમ કાઢવા ? અમારે ફૂટપાથ પર સામાન રાખી અને કોઈના આશરે ક્યાં સુધી રહેવું ? મકાન ભાડે મળતા નથી. ૫ હજાર હતા ત્યાં હવે ૧૦ હજાર લે છે તેમાં પણ ૪ લોકોને રહેવાનું હોય છે, તો અમારે બાકીના ૪ વ્યક્તિને ક્યાં રાખવા ? આવી રીતે અમારે જિંદગી કેમ જીવવી ?

### ક્વાર્ટર મળ્યા પણ પૈસા ભરી ન શક્યા, જે હતું એ પણ ગયું

ગુલામ અહેમદભાઈએ વ્યથા વર્ણવતા જણાવ્યું કે, અમે ઘરમાં ૭ સભ્યો છીએ. હું , મારા પત્ની તેમજ મારો ભાઈ વિકલાંગ છીએ. અમારું ઘર તોડી પાડવામાં આવ્યું છે, જેની સામે બે-બે ભાઈઓ વચ્ચે એક ક્વાર્ટર એલોટ થયું છે, પણ એટલા રૂપિયા ભરી શકીએ તેમ નહીં હોવાથી અમને મળ્યું નથી. હર્ષ સંઘવી ભાઈ કહેતા હતા કે, જંગલેશ્વરમાં આટલું આટલું વેંચાય છે, ત્યારે હું કહેવા માગું છું કે, જ્યાંથી ગાંજો,અફીણ મળે છે એ મોટાં માથાંના લોકોના મકાન કેમ પાડતા નથી? એ લોકોના ગુનાં કેમ દેખાતા નથી ? પૈસા પાત્ર લોકો ગુના કરે તો એ ગુના નથી ? અમે તો બીજાના આશરે રહીએ છીએ. રહેમ રાખો તમારે પણ ઉપર જઈને જવાબ દેવાનો છે. મારા જેવા અનેક લોકો છે. કેટલાક દિવ્યાંગ છે, તો કેટલાકનાં ઘરમાં બિમાર અને અશક્ત વૃદ્ધો રહે છે, આ બધાના મકાન પડી ગયા છે. ત્યારે આ બધા જરૂરિયાતમંદ લોકોને જે મકાન બનેલા છે તે તો સોંપી દો. પૈસા ભરી શકતા હોઈએ તો અગાઉ લઈ લીધા હોય. અમે ૨૫-૩૦ વર્ષથી અહીં રહેતા હતા. હાલ સામાન મારા મોટા ભાઈનાં ઘરે રાખ્યો છે, તેમાંથી પણ કેટલોક સામાન તો ઘરની બહાર પડ્યો છે. તેમજ મહિલાઓને તેમના ઘરમાં આશરો આપ્યો છે, અમે તો રાતભર બહાર જ સુઈ જઈએ છીએ. ત્યારે આવાસની વ્યવસ્થા કરી દેવા સરકારને વિનંતી છે.

### સાહેબ મિટિંગમાં છે કહી દિવ્યાંગને સાંજ સુધી બેસાડી રાખ્યા

દિવ્યાંગ હારુનભાઈ સુમરાએ કહ્યું હતું કે મારા ઘરમાં ૮ સભ્યો છીએ. મારુ મકાન ડિમોલિશન કરાયું એ પહેલાં હું મામલતદાર, કલેક્ટર તેમજ કમિશ્નર પાસે પણ ગયો હતો. જોકે મને મળવા દીધો જ નહીં. સાહેબ મિટિંગમાં છે કહીને સાંજે ૬:૩૦ સુધી બેસાડી રાખ્યો હતો. જેની સાબિતી તરીકે ત્યાંના કેમેરા ચેક કરી શકો છો. તેમાં પણ મારો વિડીયો હશે. મારો સામાન થોડો-થોડો કરીને ચાર જગ્યાએ રાખ્યો છે. હાલ સંબંધીનાં ઘરે આશરો લીધો છે. અમને આવાસ યોજનાનાં ક્વાર્ટર આપવામાં આવે તેવી મારી માંગ છે.

### હર્ષ સંઘવીએ ખોટું પગલું ભર્યું છે, પહેલાં સર્વે કરવાની જરૂર હતી

દિવ્યાંગ ડોઢિયા અનિષ સતારભાઈ સુમરાએ જણાવ્યું કે, અમારું બે ભાઈઓનું ૬૦ વારનું મકાન હતું. જે એક જ નોટિસ આપીને પાડી નાખવામાં આવ્યું છે. હું કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવું છું. અત્યારે મારા ભાઈ દ્વારા મને આશરો આપવામાં આવ્યો છે. મારા પત્ની અને બાળકો રમઝાન કરવા મારા સાસરે ગયા છે. બાળકો સરકારી શાળામાં ભણે છે. સરકાર નાના માણસો માટે કાંઈક વિચારે તે જરૂરી છે. ગુનાખોરી અમુક લોકો કરતા હશે તેના માટે હર્ષ સંઘવી ખોટા પગલાઓ ભર્યા છે. અહીં આવીને સાચો સર્વે કરવાની જરૂર હતી.

### મકાન તો તોડી નાખ્યાં વૃદ્ધ માબાપને લઈને ક્યાં જઈએ ?

પ્રકાશભાઈ રામજીભાઈ નામના સ્થાનિકે પણ એવું કહ્યું હતું કે, મારી ઉંમર ૪૫ વર્ષની છે. અમે ૫૦ વર્ષથી ૮ સભ્યો એક મકાનમાં રહેતા હતા. હાલમાં અમે મારા બહેનના ઘરે નાનકડા રૂમમાં રહીએ છીએ. ભાડે મકાન મેળવવાની ટ્રાય કરી હતી. પણ કોઈ અમને ભાડે આપતું નથી. જંગલેશ્વરનાં નામથી કોઈપણ ભાડે મકાન આપવા તૈયાર નથી. લોકો માને છે કે, અહીં બધા ગુંડા જ રહે છે, આ કારણે કોઈ મકાન ભાડે આપતું જ નથી. હું રીક્ષા ચલાવવાની સાથે મજૂરીકામ કરીને મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. જોકે છેલ્લા સપ્તાહથી કોઈપણ કામ કર્યું નથી. અમારા મકાનો તો લઈ લીધા છે હવે અમારે વૃદ્ધ માં-બાપને લઈને ક્યાં જવું ? તેમની પણ દવાઓ ચાલુ છે. ત્યારે હવે અમને ક્વાર્ટર આપવામાં આવે તેવી મારી માંગ છે.

### કમિશનરનો લુલો બચાવ અગાઉ ક્વાર્ટર અપાયાં છે

મ્યુ. કમિશ્નર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, મનપાએ વર્ષ ૨૦૧૧-૧૨માં જંગલેશ્વર વિસ્તારમાં રહેતા લોકોને મનપા દ્વારા ઈજ્બ્ડ-૨ યોજના હેઠળ આવસો અપાયા હતા. જે-તે સમયે જ સરકાર દ્વારા બેઝીક સર્વિસ ટુ ધી અર્બન પુઅર યોજના અંતર્ગત ૫૯૮ આવાસો ફાળવી દેવામાં આવ્યા હતા. જોકે હાલ જંગલેશ્વર વિસ્તારનાં વિસ્થાપિતો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવી હોવાનું તેમણે સ્વીકાર્યું હતું. પરંતુ આ સિવાય આગળ જતા જો કોઈ પાત્રતા ધરાવતા અરજદારો અરજી કરશે તો તેમને પણ આવાસ ફાળવવાની તૈયારી હોવાનું તેમણે જણાવ્યું છે.

### જરૂરિયાતમંદોને મનપા રેનબસેરામાં આશરો આપો

મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વરના અસરગ્રસ્તોને એક જ સ્થળે સમાવેશ કરવો અશક્ય છે. પણ અલગ અલગ વિસ્તારોમાં મહાનગરપાલિકા દ્વારા ફૂટપાથ પર રહેનારા લોકોને આશરો આપવા બનાવાયેલા રેન બસેરામાં નિયમ અનુસાર જરૂરિયાતમંદ પરિવારોને, દિવ્યાંગોને કે બિમાર અને અશક્ત લોકોને આશરો આપી શકાય તેમ છે કે નહીં તે બાબતે પણ વિચાર કરીને માનવતાવાદી અભિગમ અપનાવવાની જરૂર છે.

# રાજકોટ મનપાની ચૂંટણી સંદર્ભે અધિકારીઓને સોંપાઈ જવાબદારી

## વોર્ડ વાઈઝ અધિકારીઓ સંભાળશે ફરજ : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અન્ય તમામ મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની ચૂંટણી સંદર્ભે અધિકારીઓના કર્યા ઓર્ડર

રાજકોટ, તા. ૨૫

સૂત્રો દ્વારા જે વિગતો મળી રહે છે તેને ધ્યાને લઈ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ યોજવા માટેની વહીવટી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે ગઈકાલે જ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂક કરી છે. ચૂંટણી આયોગના સચિવ આર.જી ગોહિલ દ્વારા ખાસ હુકમ કરવામાં આવ્યો છે જેમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર જેવી મોટી મહાનગરપાલિકાઓ સહિત નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની વોર્ડ વાઇઝ જવાબદારી સોંપવામાં આવી છે. આ યાદીમાં ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી ને વિવિધ બોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે જેથી યોજનારી ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈપણ પ્રકારની વહીવટી તકલીફનો સામનો ન કરવો પડે.

રાજકોટ કોર્પોરેશન ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે નાયબ કલેક્ટર-સ્ટેમ્પ ડ્યુટી, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પુરવઠા અધિકારી, જીલ્લા રજીસ્ટ્રાર, પ્રાંત અધિકારી, રૂડાના નાયબ કલેક્ટરની નિમણુંક થઇ છે, જ્યારે મદદનીશ તરીકે પૂર્વ અને દક્ષિણ મામલતદાર, સીટી સર્વે સુપ્રિ. ૧ થી ૩ની નિમણુંક કરાઇ છે. મળતી માહિતી મુજબ આવનારા દિવસોમાં હાલ ચૂંટણી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવશે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ અત્યારથી જ વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે અને ચૂંટણી યોગ્ય રીતે અને કોઈપણ તકલીફ વગર યોજાય તે માટે અત્યારથી જ વહીવટી પ્રક્રિયા હાથ ધરાઈ તેવું જાણવા મળ્યું છે.

વોર્ડ ૧,૨ અને ૩ માટે નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી રાજકોટ ગ્રામ્ય પ્રાંત તેની સાથે મામલતદાર રાજકોટ શહેર પૂર્વને જવાબદારી સોંપવામાં આવી છે. તો બીજી તરફ વોર્ડ નંબર ૪,૫ અને ૬ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ( વિકાસ )ની સાથે રાજકોટ શહેર દક્ષિણ મામલતદારને આ વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે. વોર્ડ ૭,૮ અને ૯ માટે જિલ્લા પુરવઠા અધિકારી અને સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ ૨ને ફરજ સોંપાઈ છે. વોર્ડ ૧૦,૧૧ અને ૧૨ માટે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, અને સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ ત્રણને જવાબદારી એનાયત કરવામાં આવી છે. વોર્ડ ૧૩,૧૪ અને ૧૫ માટે રાજકોટ શહેર પ્રાંત ૧ તથા સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ ૧ને જવાબદારી સોંપવામાં આવી છે. અંતમાં વોર્ડ ૧૬,૧૭ અને ૧૮ માટે નાયબ કલેકટર રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, તથા પશ્ચિમ મામલતદારને ફરજ સોંપાઈ છે.

**રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વહેલી સવારથી સર્ચ ઓપરેશનઃ ૩૦થી વધુ સ્થળો પર તપાસનો ધમધમાટ**

# ઈલેક્ટ્રોનિક્સ-સ્ટીલ ચીજ વસ્તુઓનું વેચાણ કરતી પેઢીઓ પર SGSTના દરોડા

રાજકોટ, તા. ૨૫

ચાલુ નાણાકીય વર્ષ પૂરું થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સરકારની આવક વધારવા હાલ વિવિધ એજન્સીઓ દ્વારા અનેકવિધ સ્થળ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા હાલ સ્ટેટ જીએસટી દ્વારા વિવિધ સ્થળો ઉપર સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે તો બીજી તરફ આવકવેરા વિભાગ દ્વારા આજે સુરત અને નવસારીમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે.

માર્ચ મહિનો નજીક આવતા જ સ્ટેટ જીએસટી વિભાગની અન્વેષણ વિંગે કમર કસી છે અને કરચોરી સામે તવાઈ શરૂ કરી છે અને ગઈકાલ સવારથી જ રાજયભરમાં ૩૦થી વધુ જગ્યાએ દરોડાનો દૌર શરૂ કર્યો હોવાનું સ્ટેટ જીએસટીનાં સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સવારથી રાજકોટ સહિત જુદા જુદા જીએસટી વિભાગમાં અધિકારીઓ દ્વારા દરોડાનો દૌર શરૂ કરી દેવાયો છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા જે દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક્સ તથા સ્ટીલ પ્રોડક્ટનું વેચાણ કરતા હોય તે તમામ ઉપર તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. સ્ટેટ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર રાજકોટ જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાં વિવિધ પેઢીઓ પર ગઈકાલ સવારથી જ દરોડા પાડવામાં આવ્યા છે. આશરે ૨૫ થી વધુ સ્થળો પર વિવિધ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.




સુરક્ષા ની દ્રષ્ટિએ જે શહેરમાં દરોડા પાડવામાં આવ્યા હોય ત્યાં તે વિભાગના અધિકારીઓ નહીં પરંતુ અન્ય શહેરના અધિકારીઓ તપાસમાં આવ્યા છે જેથી કોઈપણ પ્રકારની ગેરરીતી આચરવામા આવે. આગામી ૧ થી બે દિવસ હજુ પણ આ તપાસ ચાલશે તેવું જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે. દરોડા ગઈકાલ મોડી સવારથી અત્યંત ગુપ્ત રીતે શરૂ કરાયા છે સબંધીત અધિકારીઓને તપાસના વોરંટ પણ મોડી સવારે આપવામાં આવેલ હતા. મોટાભાગે માર્ચ માસ નજીક આવતા જ જીએસટી વિભાગ તેના કરચોરીના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે સક્રિય બને છે. અને વ્યાપક દરોડાનો દૌર શરૂ કરાય છે.

છેલ્લા ઘણા સમયથી સ્ટેટ જીએસટીની સાથોસાથ સેન્ટ્રલ જીએસટી ની ટીમ પણ ઘણા સમયથી વિવિધ પેઢીઓ પર તપાસ ચલાવી રહી છે અને ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી પણ પકડાય છે ત્યારે માર્ચ મહિનો શરૂ થતા અને ટાર્ગેટને પહોંચવા અત્યારથી જ વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રને ગુજરાતમાં જે સ્ટેટ જીએસટી દ્વારા ધરોડા પાડવામાં આવ્યા છે તેમાં કેટલી જીએસટી ચોરી પકડાશે તે જોવાનું રહ્યું.

# સુરત-નવસારીમાં ITની સ્ટ્રાઈક

## મીરીખ ગ્રુપ - ઓપેરા ગ્રુપ સાથે જોડાયેલા અનેક સ્થળો પર દરોડા : આગમ વાડેચા - વિક્રમ રાવ જેવા જાણીતા જમીન દલાલો સુધી તપાસ લંબાવાઈ




રાજકોટ, તા. ૨૫

માર્ચ નાણાકીય વર્ષના અંત પહેલા એક મોટી કાર્યવાહીમાં, આવકવેરા વિભાગે સુરત અને નવસારીમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. કરચોરી અને બિનહિસાબી રોકડ વ્યવહારોની શંકાના આધારે તે જાણીતા રિયલ એસ્ટેટ અને વ્યવસાયિક જૂથોને નિશાન બનાવે છે. બુધવારે વહેલી સવારે સર્ચ ઓપરેશન શરૂ થયું હતું અને હાલમાં મીરીખ ગ્રુપ અને ઓપેરા ગ્રુપ સાથે જોડાયેલા અનેક સ્થળોએ ચાલુ છે, જે બંને નવસારી અને ધોલેરા SIR માં મોટા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સમાં સામેલ છે. આશરે ૮૦ IT અધિકારીઓની એક ટીમ સર્ચ ઓપરેશન કરી રહી છે, જે ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષના અંત પહેલા આ પ્રદેશમાં સૌથી મોટા ઓપરેશનોમાંનું એક બનાવે છે. ઘણા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સમાં પ્રોપર્ટી બુકિંગ દરમિયાન મોટા રોકડ વ્યવહારો અંગે મળેલી સૂચના બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક મિલકત વ્યવહારોમાં પ્રભાવશાળી માનવામાં આવતા આગમ વાડેચા અને વિક્રમ રાવ જેવા જાણીતા જમીન દલાલોના પરિસર સુધી પણ તપાસ લંબાવવામાં આવી છે. અધિકારીઓને શંકા છે કે ઘણા જમીન વ્યવહારોમાં, સ્ટેમ્પ ડ્યુટી જવાબદારીઓ ઘટાડવા માટે સરકારે નિર્ધારિત જંત્રી દર કરતાં વધુ રોકડ ચુકવણી કરવામાં આવી હોવાનું કહેવાય છે. જ્યારે સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે અને લોકર ખોલવાની પ્રક્રિયા હજુ પૂર્ણ થઈ નથી, ત્યારે એવા અહેવાલો છે કે તપાસના અંત સુધીમાં કરોડો રૂપિયાની મોટી અઘોષિત આવક જાહેર થઈ શકે છે.

આયકર વિભાગની આ મોટી કાર્યવાહીમાં કરોડો રૂપિયાના બેનામી વ્યવહારો અને ટેક્સ ચોરી પકડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આગામી ૨-૩ દિવસ સુધી આ તપાસ ચાલી શકે છે. હાલમાં તપાસ ચાલુ હોવાથી અધિકારીઓ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ આ રેડને કારણે સુરત અને નવસારીના બિલ્ડર જગતમાં ચર્ચા જગાવી છે. નવસારી શહેરમાં આ સુરત સ્થિત ગ્રુપનો મોટો કારોબાર હોવાનું સામે આવ્યું છે. નવસારીમાં કુલ ૩ અલગ-અલગ સ્થળોએ આયકર વિભાગની ટીમો દ્વારા સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. હિસાબી દસ્તાવેજો, ડિજિટલ ડેટા અને બેંક ખાતાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. ઓપેરા ગ્રુપ દ્વારા નવસારીમાં ચાલી રહેલા મોટા પાયે પ્લોટિંગ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સ તેમજ મિરીખ ગ્રુપના ધોલેરા SIR સ્થિત પ્રોજેક્ટ્સમાં થયેલા રોકાણો શંકાના દાયરામાં છે. માર્ચ એન્ડિંગ નજીક હોવાથી ઘણા રોકાણકારો પોતાના કાળા નાણાંને રિયલ એસ્ટેટમાં ખપાવવાનો પ્રયાસ કરતા હોય છે. આઈટી વિભાગે આ બંને ગ્રુપ્સના પાછલા ત્રણ વર્ષના સેલ્સ રજિસ્ટર અને કાચા હિસાબો જપ્ત કર્યા છે, જેની સરખામણી હવે ફાઈલ થયેલા ઇન્કમટેક્સ રિટર્ન સાથે કરવામાં આવશે. દરોડા દરમિયાન ટેકનિકલ ટીમે સર્વર અને ક્લાઉડ સ્ટોરેજમાંથી અનેક ડિજિટલ પુરાવા કબજે કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્ચ એન્ડિંગના ક્લોઝિંગ સ્ટોક અને વેચાણના આંકડાઓમાં ગેરરીતિ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. જપ્ત કરાયેલી કેટલીક ડાયરીઓમાં કોડવર્ડમાં લખાયેલા વ્યવહારો મળ્યા છે, જે ઉકેલવા માટે એક્સપર્ટની મદદ લેવાઈ રહી છે. આ ડેટાના આધારે આગામી દિવસોમાં સુરતના અન્ય મોટા માથાઓની પણ પૂછપરછ થઈ શકે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# સાવધાન રાજકોટ

## જંગલેશ્વરથી વછૂટેલા ગુન્હાખોરો તમારી આસપાસ મંડાયા હશે



રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં તાજેતરમાં તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી. દારૂ અને ડ્રગ્સના અડ્ડાઓ પર બુલડોઝર ફેરવી દેવાયું છે. ગુનેગારોની ગેરકાયદેસર મિલકતો અને કાળા કારોબારના સામ્રાજ્યને સાફ કરી નાખવામાં આવ્યું છે. તંત્ર ખુદ સ્વીકારે છે કે અહીં વર્ષોથી અસામાજિક પ્રવૃત્તિઓ ધમધમતી હતી. પરંતુ આ આખી કાર્યવાહીમાં એક મોટો સવાલ અને ડર બાકી રહી ગયો છે.

તંત્રએ મિલકતો તોડી પાડી, પરંતુ એક પણ કુખ્યાત ગુનેગાર પકડાયો નથી. આ તમામ ગુનેગારો હાલ ખુલ્લેઆમ ફરી રહ્યા હશે. જ્યારે કોઈ વિસ્તારમાં ટેન્શન વધે, ત્યારે આ ટોળકીઓ પોતાનું સરનામું બદલી નાખતી હોય છે. પૂરેપૂરી સંભાવના છે કે આ ગુનેગારો હવે શહેરના અન્ય વિસ્તારોમાં આશરો લઈ રહ્યા હોય. તેઓ પોતાની નવી જાળ બિછાવવા માટે તમારી આસપાસ મંડાયા હોઈ શકે છે.

રાજકોટવાસીઓએ હવે તંત્ર પર જરા પણ ભરોસો રાખવાને બદલે ખુદ એલર્ટ રહેવું જરૂરી છે. પોલીસ અને વહીવટી તંત્ર પાસે આ ગુનેગારોને જડમૂળથી ઉખેડવાની કોઈ સ્પષ્ટ રણનીતિ દેખાતી નથી. જંગલેશ્વરમાં માત્ર દીવાલો તૂટી છે, ગુનાખોરી અટકતી નથી. જે લોકો ડ્રગ્સ અને લોહીના વેપાર સાથે જોડાયેલા છે, તેમની ઈચ્છાશક્તિ ગુના છોડવાની હોતી નથી. તેઓ માત્ર સ્થળ બદલે છે, વૃત્તિ નહીં.

તમારા વિસ્તારમાં કોઈ અજાણી વ્યક્તિની અવરજવર વધે કે શંકાસ્પદ પ્રવૃતિ દેખાય તો સાવધ થાઓ. ભાડૂતો રાખતી વખતે પૂરતી તપાસ કરો. તંત્રની ઢીલી નીતિને કારણે આ ઝેરીલા તત્વો ફરીથી માથું ઊંચકશે. રાજકોટની શાંતિ જોખમમાં મૂકાય તે પહેલાં નાગરિકોએ જાગૃત બનવું પડશે. તંત્ર પાસે ગુનેગારોને ઝડપવાની ઈચ્છાશક્તિનો અભાવ દેખાઈ રહ્યો છે.

સાવધાન રાજકોટ! આ ટોળકીઓ ગમે ત્યાં નવો અડ્ડો જમાવી શકે છે. તમારી સતર્કતા જ તમારી અને તમારા પરિવારની સુરક્ષા છે. ગુનેગારોને ભાગવા માટે રસ્તો મળ્યો છે, પણ તેમને રહેવા માટે જગ્યા ન મળે તે જોવાની જવાબદારી હવે જનતાની બની ગઇ છે.તંત્રને જવાબદારીનું ભાન રહ્યું નથી.

# કોંગ્રેસ માટે રાજ્યસભાનો રસ્તો મુશ્કેલ

## ટિકિટ માટે સ્પર્ધા : ૫ બેઠકો જીતવાની જ આશા



નવીદિલ્હી, તા. ૨૫

૧૬ માર્ચે રાજ્યસભાની ૩૭ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. કોંગ્રેસના પાંચ સાંસદો ચૂંટાય તે નિશ્ચિત માનવામાં આવે છે. ચાર સાંસદો, અભિષેક મનુ સિંઘવી, ફુલો દેવી નેતામ, કેટીએસ તુલસી અને રજની પાટિલનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. પરિણામે, ૫ માર્ચે નામાંકનની અંતિમ તારીખ પહેલાં ટિકિટ માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. દરમિયાન, ચાલો છત્તીસગઢ, હરિયાણા, મહારાષ્ટ્ર, તેલંગાણા, બિહાર, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ અને આસામથી લઈને ઓડિશા સુધીના રાજકીય ગતિશીલતાનું પરીક્ષણ કરીએ. ચાલો પહેલા છત્તીસગઢનો વિચાર કરીએ. સત્તા ગુમાવ્યા પછી, કોંગ્રેસ અહીં બેને બદલે ફક્ત એક જ બેઠક જીતી શકે છે. પરિણામે, તેની પાસે આદિવાસી નેતા ફુલો દેવી નેતામને પુનરાવર્તન કરવાનો વિકલ્પ છે. ઓબીસી નેતા ભૂપેશ બઘેલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી ટીએસ સિંહ દેવ પણ આ બેઠક પર નજર રાખી રહ્યા છે. પરિણામે, કેટીએસ તુલસીની ફરીથી ચૂંટણી થવાની શક્યતા ઓછી માનવામાં આવે છે.

હિમાચલ પ્રદેશમાં, પાર્ટી એક બેઠક જીતવાની સ્થિતિમાં છે. બે મુખ્ય દાવેદારો, આનંદ શર્મા અને પ્રતિભા સિંહ, જેઓ લોકસભાની ચૂંટણી હારી ગયા હતા, મુખ્ય દાવેદાર છે. અભિષેક મનુ સિંઘવી ગયા વખતે ક્રોસ વોટિંગને કારણે અહીં ચૂંટણી હારી ગયા હતા.

તેથી, આ વખતે, કોઈ સ્થાનિક નેતાને બહારના વ્યક્તિ કરતાં વધુ પસંદ કરવામાં આવી શકે છે. પાર્ટી હરિયાણામાંથી પણ એક બેઠક જીતી શકે છે. હુડ્ડાના મનપસંદમાં રાજ બબ્બર અને ભૂતપૂર્વ પ્રમુખ ઉદયભાન (દલિત)નો સમાવેશ થાય છે, જ્યારે હાઇકમાન્ડ OBCના રાષ્ટ્રીય અધ્યક્ષ અનિલ જયહિંદ અથવા મીડિયા વિભાગમાંથી પવન ખેરા અથવા સુપ્રિયા શ્રીનાતેને મેદાનમાં ઉતારવા માંગે છે.

મહા વિકાસ આઘાડીના શરદ પવાર, ફૌઝિયા ખાન, પ્રિયંકા ચતુર્વેદી અને રજની પાટિલનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. સંયુક્ત વિપક્ષ ફક્ત એક જ બેઠક જીતી શકે છે. જો શરદ પવાર ગઈડ સાથેના વિલીનીકરણ અંગે સ્પષ્ટતા કરે અને છોડવા માંગે, તો કોંગ્રેસ તેમને ટેકો આપશે. નહિંતર, તે પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારવાનો આગ્રહ રાખશે.

આ સ્થિતિમાં, તે રજની પાટિલને પુનરાવર્તન કરવા માંગશે. કોંગ્રેસ તેલંગાણામાંથી બે બેઠકો જીતી શકે છે. એવું માનવામાં આવે છે કે તે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડી સાથે આપેલા પોતાના વચનને પૂર્ણ કરી શકે છે. અભિષેક મનુ સિંઘવીનું પુનરાવર્તન ચોક્કસ છે. જોકે, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં સ્થાનિક રાજકારણને કારણે, આંધ્રપ્રદેશના વતની રેડ્ડીને તેલંગાણા મોકલવાનો વિરોધ પણ થઈ રહ્યો છે. આ સ્થિતિમાં, લઘુમતી ઉમેદવાર ત્યાંથી એક બેઠક જીતી શકે છે.

તમિલનાડુમાં, પાર્ટી ડીએમકેની મદદથી એક બેઠક જીતી શકે છે, પરંતુ ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે સંકલનને લઈને તણાવ વધી રહ્યો છે. પરિણામે, પાર્ટી ઈચ્છે છે કે રાહુલ ગાંધીના નજીકના વિશ્વાસુ પ્રવીણ ચક્રવર્તીને અહીં નામાંકિત કરવામાં આવે. સ્ટાલિન ચક્રવર્તીને નાપસંદ કરે છે, જે વિજય સાથે સંકલનની હિમાયત કરે છે અને સ્ટાલિન સરકારના ટીકાકાર રહ્યા છે. આ સ્થિતિમાં, પવન ખેરા અથવા સુદર્શન રેડ્ડી નસીબદાર હોઈ શકે છે. જો સમગ્ર વિપક્ષ બિહારમાં એક થાય અને ઓવૈસીની પાર્ટીનો ટેકો મેળવે, તો તેઓ એક બેઠક જીતી શકે છે. જો કે, વિપક્ષને ડર છે કે પોતાની શક્તિના બળ પર એક પણ બેઠક જીતવી મુશ્કેલ બનશે. તેનાથી વિપરીત, તેના પર AIMIM સાથે હાથ મિલાવવાનો આરોપ મૂકવામાં આવશે, જેને તે લાંબા સમયથી ભાજપની બી-ટીમ કહે છે, ફક્ત એક બેઠક માટે. વધુમાં, વિપક્ષને પોતાના જ પક્ષ તરફથી આંતરિક તોડફોડનું જોખમ પણ છે.

# કેરળની જેમ જમ્મુ-કાશ્મીરનું પણ નામ બદલશે ?

## કેરળનું નામ બદલીને કેરલમ રાખવા પર સીએમ ઓમર અબ્દુલ્લાએ કરી માંગ



નવીદિલ્હી, તા. ૨૫

કેરળમાં વિધાનસભા ચૂંટણી પહેલા, રાજ્યનું નામ બદલવામાં આવ્યું હતું. હવે તેનું નામ કેરળને બદલે કેરળમ રાખવામાં આવશે. જોકે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ નિર્ણયથી નારાજ થયા હતા, તેમણે કહ્યું હતું કે કેરળનું નામ બદલવામાં આવ્યું હોવા છતાં, તેમના રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ લાંબા સમયથી કેન્દ્ર સરકાર પાસે પડતર હતો. આ નિર્ણયનો જવાબ આપતા, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળનું નામ બદલવાની માંગણી પણ સ્વીકારવી જોઈએ, અને જમ્મુ અને કાશ્મીરનું નામ બદલવાનો પણ જવાબ આપ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ બુધવારે કેન્દ્ર સરકારને સલાહ આપી હતી કે તેણે રાજ્યનું નામ બદલવાની મમતા બેનર્જી સરકારની માંગણી સ્વીકારવી જોઈએ, કારણ કે કેન્દ્રીય મંત્રીમંડળે કેરળમાં પણ આવા જ એક પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

મંગળવારે, કેન્દ્રીય મંત્રીમંડળે રાજ્યનું નામ બદલીને કેરળમ કરવાના કેરળ સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જો કે, આ મંજૂરીથી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નારાજ થયા હતા, જેમણે નારાજગી વ્યક્ત કરી હતી કે કેરળ દ્વારા તેનું નામ બદલવાના પગલા છતાં, તેમના રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ લાંબા સમયથી કેન્દ્ર સરકાર પાસે પડતર હતો. શ્રીનગરમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું, ''અન્ય રાજ્યોએ પણ તેમના નામ બદલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો પશ્ચિમ બંગાળ વિધાનસભા નામ બદલવાની માંગ કરી રહી છે, તો કેન્દ્ર સરકારે આ માંગણી સ્વીકારવી જોઈએ.'' તેમણે એમ પણ કહ્યું કે જો ભવિષ્યમાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં આવો જ પ્રસ્તાવ લાવવામાં આવે છે, તો કેન્દ્ર સરકારે પણ તેના પર વિચાર કરવો જોઈએ.

મુખ્યમંત્રી અબ્દુલ્લાએ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનનું કાશ્મીરની તેમની પ્રથમ મુલાકાત પર સ્વાગત પણ કર્યું. રાધાકૃષ્ણન આવતીકાલે, ગુરુવારે કાશ્મીર યુનિવર્સિટીના ૨૧મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. તેમણે કહ્યું કે તેઓ આજે સાંજે દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ તેમની પાસેથી તેમની ડિગ્રી અને મેડલ મેળવવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિ બન્યા પછી રાધાકૃષ્ણનની આ પહેલી મુલાકાત છે. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી સરકારે રાજ્યનું નામ બદલવાની માંગ સ્વીકારવી જોઈએ, કારણ કે કેન્દ્રીય મંત્રીમંડળે કેરળના કિસ્સામાં પણ આવી જ દરખાસ્તને મંજૂરી આપી છે.

# Compromised રાહુલ ગાંધી

## ભાજપે કોંગ્રેસ પર કર્યો મોટો હુમલો કહ્યું, સરકાર જાસૂસોથી ઘેરાયેલી હતી




નવીદિલ્હી, તા. ૨૫

અમેરિકા સાથેના વેપાર સોદા અંગે કોંગ્રેસ મોદી સરકાર પર પ્રહારો કરી રહી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ મોદીએ અમેરિકા સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી છે. તેમણે બજેટ સત્ર દરમિયાન લોકસભામાં પણ આ મુદ્દા પર વાત કરી હતી. ભાજપે રાહુલના આરોપોનો વળતો જવાબ આપ્યો છે. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ અને સાંસદ સુધાંશુ ત્રિવેદીએ ડ પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે કોંગ્રેસ સરકાર સત્તામાં હતી ત્યારે જાસૂસોથી ઘેરાયેલી હતી. ભાજપે કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર જાસૂસોથી ઘેરાયેલી હતી અને કોઈપણ દસ્તાવેજ મિનિટોમાં ઉપલબ્ધ થઈ જતો હતો. પાર્ટીએ દાવો કર્યો હતો કે CIA અને KGBનું બધું નિયંત્રણ હતું. ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસ પાર્ટીએ ઈઈઅ અને KGB બંને પાસેથી પૈસા લીધા હતા. તેમણે કહ્યું હતું કે ૧૯૭૬માં સોવિયેત સંઘે રૂપિયા-રુબલ વિનિમય દરમાં પણ ફેરફાર કર્યો હતો. આનો અર્થ એ થયો કે વિદેશી જાસૂસો દ્વારા ભારતની અર્થવ્યવસ્થાનો ઉપયોગ હથિયાર તરીકે કરવામાં આવતો હતો. મિત્રોખિન આર્કાઇવ એ ૧૯૩૦ થી ૧૯૮૦ સુધીની ગુપ્ત KGB ફાઇલોનો મોટો સંગ્રહ છે, જે ૧૯૯૨ માં યુકે ભાગી ગયા પછી વરિષ્ઠ આર્કાઇવિસ્ટ વાસિલી મિત્રોખિન દ્વારા દાણચોરી કરીને બહાર કાઢવામાં આવી હતી.

સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઇન્દિરા ગાંધીના સમયમાં, CIA દરેક લીમડાના ઝાડ નીચે હતી, કારણ કે તે તેમના પૈસા લેતી હતી અને રાજકીય લાભ માટે તેમની સાથે સહયોગ કરતી હતી. બ્રિટિશ રાજદ્વારીઓએ પણ કહ્યું હતું કે CIAનો તેમનો ઇનકાર અવિશ્વસનીય હતો. તેમણે કહ્યું હતું કે ઈન્દિરા અને કોંગ્રેસે CIA અને KGB બંને પાસેથી પૈસા લીધા હતા. રોકડથી ભરેલા KGB સુટકેસ સીધા વડા પ્રધાનના ઘરે પહોંચાડવામાં આવતા હતા. તેમના કોંગ્રેસના ૪૦% સાંસદો સોવિયેત પગાર પર હતા. તેમણે તેમના વિરોધીઓને કચડી નાખવા માટે વિદેશી સોનાનો ઉપયોગ કર્યો હતો.

પિયુષ ગોયલે જણાવ્યું હતું કે ગાંધી પરિવાર એક સમાધાનકારી રાજકીય પરિવાર છે. રાહુલ ગાંધી એટલે સમાધાનકારી. કોંગ્રેસ પાર્ટીનો ઇતિહાસ અને વર્તમાન વિદેશી શક્તિઓના પ્રભાવ હેઠળ રાષ્ટ્રીય અને જાહેર હિતોને સમાધાન કરે છે. રાહુલ ગાંધી નકારાત્મક રાજકારણ માટે પોસ્ટર બોય બની ગયા છે. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધી ૨૪૫ વખત વિદેશ પ્રવાસ કરે છે અને સુરક્ષા સાથે સમાધાન કરે છે. બધા જાણે છે કે તેમના વિદેશી શક્તિઓ સાથે કેવા પ્રકારના જોડાણ છે. રાહુલ ગાંધીએ દેશને રાજકારણનું એક સસ્તું સ્વરૂપ બતાવ્યું છે. તેમણે કઠપૂતળી જેવું વર્તન કર્યું છે. તેઓ ફક્ત ક્યુરેટેડ પ્રેસ કોન્ફરન્સ ઇચ્છે છે.

કોંગ્રેસના કાર્યકરોએ AI સમિટમાં વિરોધ કર્યો, જેમાં વડા પ્રધાન પર સમાધાન કરવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસ કહેતી રહી છે કે વડા પ્રધાન સાથે સમાધાન કરવામાં આવ્યું છે. ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ઉદય ભાનુ છિબે કહ્યું કે ""PM સાથે સમાધાન કરવામાં આવ્યું છે'' એ માત્ર એક સૂત્ર નથી, પરંતુ લાખો બેરોજગાર યુવાનોનો ગુસ્સો છે. અમેરિકા સાથેનો આ વેપાર સોદો આપણા ખેડૂતો અને જનતાના હિતોનો દગો છે, જેનો ફાયદો ફક્ત અમેરિકાને થશે. લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ એ આપણો અધિકાર છે, અને અમે યુવાનોનો અવાજ ઉઠાવતા રહીશું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ સુંદરકાંડ (ભાગ ૭)

## હનુમાનજી ની આધ્યાત્મિક ભૂખનાં ગર્ભમાંથી ભીખ અને ભેખ નો જન્મ થાય છે!



માનસ સુંદરકાંડની સાતમા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે રામચરિત માનસ એ સંવાદની કથા છે. ઉમા શંભુનો સંવાદ, યાજ્ઞવલ્ક અને ભારદ્વાજનો સંવાદ, કાગભુષંડી અને ગરુડનો સંવાદ, તુલસી પોતાનાં મન સાથે સંવાદ કરી રહ્યા છે. કથાના મૂળ વિષયમાં પ્રવેશ કરતા કહ્યું કે હનુમાનજીએ અશોકવાટિકામાં મધુર ફળ ખાધાં! કેમકે એમને ભૂખ લાગી હતી હનુમાનજીની પહેલી દીક્ષા ભૂખ છે, અને મનુષ્યની જન્મ પછીની પહેલી દીક્ષા આંસુ છે. આધ્યાત્મિક ભૂખથી એક છોકરો અને છોકરી જન્મે છે, ભૂખનાં ગર્ભમાંથી એક કન્યા એટલે કે ભીખનો જન્મ થાય છે, જ્યારે ક્યારેક ક્યારેક ભૂખને કારણે ભેખનો પણ જન્મ થાય છે. હનુમાનજીના જન્મની પહેલી જ દીક્ષા ભૂખ છે, હનુમાનજી સૂર્યગ્રહણના દિવસે જન્મ્યા અને

બાલ સમય રવિ ભક્ષિ લિયો તબ,
તીનહું લોક ભયો અંધિયારો.
જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ,
લીલ્યો તાહિ મધૂર ફલ જાનૂ.

આટલો બધો દૂર સૂર્ય છે, છતાં પણ સૂર્યને ફળ સમજીને ગળી ગયાં! પરંતુ હનુમાનજી જેવાં વિવેકી આપણને ચિંતન કરવાં માટે પ્રેરે છે કે, હનુમાનજીને કયા પ્રકારની ભૂખ છે આ! શાસ્ત્રોમાં જ્ઞાનને પ્રકાશ કહ્યો છે, હનુમાનજી સુરજને પકડે છે. વિજ્ઞાનની રીતે ન વિચારો, પણ આ વાનર માણસ છે કે રોકેટ! સંપાતી અને જટાયુ પણ સુરજને લેવાં નીકળ્યાં હતાં. તત્વબોધ કહે છે જ્ઞાન બહુ દૂર છે! હનુમાનજી જ્યારે સૂર્યને ગળવાં ગયા ત્યારે રાહુ એની સાથે સમાનતરે દોડતો હતો, એને અમાસનું ગ્રહણ કરવાનું હતું, પરંતુ એ પહેલા હનુમાનજીએ અંધારું કરી દીધું, અને રાહુએ ઈન્દ્ર પાસે ફરિયાદ કરી. ઈન્દ્રએ ક્રોધિત થઈને હનુમાનજી પર બ્રહ્માસ્ત્ર ફેંક્યું, અને આગળની કથાથી આપ વાકેફ છો કે પવનદેવ ગુસ્સે થયાં, વાયુને પાછો ખેંચી લીધો, અને પૃથ્વીના લોકો મરી જશે તો! ઈન્દ્રએ પવનદેવની માફી માગી!; સેવા કરો તો પવનની જેમ સેવા કરો, કોઈને દેખાય નહીં. દેવ અને દાનવ બંને સ્વાર્થી છે, બંનેનો હેતુ પણ એક જ છે, ભોગ પ્રાપ્ત કરવાનો. દેવ તપ અને યજ્ઞ દ્વારા પુણ્ય પ્રાપ્ત કરી સ્વર્ગમાં આવે છે, જ્યારે દાનવો પોતાની શક્તિથી સ્વર્ગ પર ચડાઈ કરી જીતી લે છે. હનુમાનજી અશોકવાટિકામાં મધુર ફળ ખાઈને ઊભાં હતાં અને ઈન્દ્રજીત આવ્યો, જેણે અક્ષયને માર્યો છે વાનર મારે જોવો છે! હનુમાનજીને બાળપણમાં જ બ્રહ્માસ્ત્ર કંઈ નહીં કરી શકે, એવું વરદાન મળ્યું હતું, છતાં બ્રહ્માસ્ત્રનું માન રાખવા હનુમાનજી મૂર્છિત થઈ ગયાં, બાકી કોઈ સંતને મૂર્છિત કરી શકાતાં નથી. હનુમાનજી ઇન્દ્રજીતની સેના પર પડ્યાં, અને અનેક રાક્ષસો માર્યા ગયાં, સાધુ આ રીતે દુર્ગુણ ને ખતમ કરે છે. પરંતુ પડવું હોય તો પ્રભુનાં ચરણમાં પડવું. હનુમાનજી સીતાજીની ખબર લાવ્યાં રામજી હનુમાનજીને ગળે લગાવે છે, અને કહે છે કે, અમે તારા ઋણમાંથી ક્યારેય મુક્ત નહીં થઈ શકીએ, ભગવાન રામ એની પ્રશંસા કરવા લાગ્યાં, એ વખતે તેઓ પડી ગયાં, પ્રસંસા થી અહંકાર ન આવે માટે, તેઓ પ્રભુના ચરણમાં પડ્યાં. ચિત્રકૂટમાં ભરતજી રામનાં ચરણોમાં ઢળી પડ્યાં, પડવું ત્યાં જ્યાંથી કોઈ ઉઠાવે. ઈન્દ્રજીતની સેના પર હનુમાનજી પડ્યા તો ઈન્દ્રજીતે નાગપાશ ફેંકીને હનુમાનજીને બાંધી લીધાં. શંકરે ભવાની ને કહ્યું એ તો પ્રભુ કાર્ય માટે બંધાયા છે, ચારે બાજુ નાગ આવી ગયાં એમને સારું લાગ્યું. હનુમાન શંકર અવતાર છે, નાગ પણ પોતાનાં માલિકને મળીને ખુશ છે. સદગુરુ ક્યારેક વેશથી, વાણીથી, વર્તનથી, કે વિચારથી, પ્રક્ષેપણ કરી આશ્રિતને સંકેત કરે છે. હનુમાનજી ને રાવણનાં દરબારમાં લઈ આવ્યાં. હનુમાનજીને થયું, ચેલો સમૃદ્ધ બહુ છે, પરંતુ એમને જોવું હતું, કે ચેલો જાગૃત છે કે સૂતો છે? રાવણે પૂછ્યું કોણ છે તું? કોના બળથી તુ આ બધું કરી રહ્યો છે? મારા રાજમાં સૂરજ પણ હું કહું એટલો જ એ તપે છે, અને તું આટલો નિર્ભીક! તું છે કોણ? અને હનુમાનજી વૈશ્વિક જવાબ આપતા કહે છે.

સુનુ રાવન બ્રહ્માંડ નિકાયા,
પાઈ જાસુ બલ બિરચિત માયા.

માયા જેમનું બળ પ્રાપ્ત કરીને સર્જન કરે છે, એમના બળથી આ સૃષ્ટિનું નિર્માણ, પાલન, પોષણ, અને વિસર્જન થાય છે, એમનું બળ છે આ. તારા રાક્ષસો મને મારવાં આવ્યાં મને ભૂખ લાગી હતી, તો ધરતીની પુત્રી જાનકીની આજ્ઞાથી ફળ ખાધાં. રાવણ મૃત્યુદંડનું એલાન કરે છે, પરંતુ એ જ સમયે વિભીષણ સભામાં પ્રવેશ કર્યો, અને કહ્યું

નીતિ વિરોધ ન મારિય દૂતા,
આન દંડ કછુ કરિઅ ગોસાઈ.

ભક્તિ કરનારને સંકટ આવે, પરંતુ આખરે કોઈને કોઈ સહાય પણ આવે, એ રીતે વિભીષણ આવ્યાં. અંતે વાનરને પૂંછ બહુ પ્રિય હોય છે, એટલે એને બાળી નાખવાનો આદેશ થયો. આખી લંકાના કપડા ઘી તેલ હનુમાનજીની પૂછ પર લપેટે છે, પરંતુ હનુમાન પૂંછ લાંબી કરતાં ગયાં! ભગવાન ભક્તની પ્રતિષ્ઠા પર આચ આવવા દેતાં નથી, અને વધારી દે છે, એ આ કથાનો સાર છે. આખી લંકામાં હનુમાનજીને ફેરવવામાં આવ્યા લોકો મજાક કરી રહ્યા છે પછી હનુમાનજીની પૂંછ ને આગ લગાવવામાં આવી.

પાવક જરત દેખી હનુમંતા,
ભયઉ પરમ લઘુ રુપ તુરંતા.

હનુમાનજી નાનું રૂપ ધારણ કરી, અટારી પરથી બીજી અટારી પર, આમ આખી લંકામા આગ ફેલાઈ ગઈ, એક વિભીષણનું ઘર બાળ્યું નહીં. હનુમાનજી અશોકવાટિકામાં પાછાં આવ્યાં. જાનકીજીએ પૂછ્યું લંકામાં આટલી બધી આગ કેમ લાગી? હનુમાનજીએ વાતને ટાળી દેતાં કહ્યું કે, મોટા નગરમાં આવું તો થતું રહે! આગ મેં નથી લગાવી, આપના સંતાપનો પ્રતાપ છે, આપનો વિરહાગ્નિ છે, પરમાત્માનાં પ્રભાવથી આગ લાગી છે, સાચું કહું રાવણના પાપે આગ લગાવી છે. હવે મા મને કોઈ નિશાની આપો, પ્રભુ પાસે આપનો કોઈ સંદેશ લઈને જાઉં. જાનકીજીએ તરત જ ચૂડામણી ઉતારીને આપી, હનુમાનજીને કહ્યું ભગવાનને કહેજો, આપ દિનદયાળુ છો, હવે વિલંબ ન કરો! હનુમાનજીએ કહ્યું મા, હું તો અત્યારે જ તમને લઈ જાઉં, પરંતુ મને આજ્ઞા નથી. થોડા સમય માટે ધૈર્ય ધારણ કરો. અનુજ સાથે પ્રભુ આવશે, ચૂડામણી લઈને હનુમાનજી પાછા ફર્યા. મુદ્રિકા લઈને જ્યારે સમુદ્ર ઓળંગ્યો ત્યારે કેટલા બધા વિઘ્નો આવ્યાં હતાં, પરંતુ પાછાં ફરે છે, ત્યારે કોઈ વિઘ્ન આવ્યું નહીં, કારણ કે માના આશીર્વાદથી, માના વરદાનથી, માર્ગની બધી જ બાધાઓ દૂર થઈ ગઈ. હનુમાનજીએ જાનકીજીનો સંદેશ આપ્યો, ચૂડામણી આપ્યો, રામજીની આંખમાંથી અશ્રુ સરવા લાગ્યાં. હનુમાનજીની પ્રશંસા કરી, એટલે તેઓ રામજીના ચરણમાં ઢળી પડ્યા, અને ચરણ પકડી લીધાં, બોલ્યા પ્રભુ પ્રસંશાથી મને અહંકાર આવી જશે, આપ મને બચાવો! મને આપનાં ચરણોમાં જ રહેવા દો, પ્રભુએ પ્રસન્નતાથી હનુમાનજીના મસ્તક પર હાથ રાખી દીધો. શંકર આ કથા વખતે સમાધિસ્થ થઈ ગયાં, અનુભવ થયો કે મારા મસ્તક પર હાથ આવ્યો. હનુમાનજી જ શંકર છે, સુંદરકાંડની આ સુંદર કથા પાર્વતીને આગળ સંભળાવવા લાગ્યાં પ્રભુએ કહ્યું, હવે વિલંબ નથી કરવો, અને આખીય સેના લઈ પ્રભુ સમુદ્રના તટ પર આવ્યાં. લંકામાં વિભીષણ સાથે વાર્તાલાપ થયો, અને રાવણે વિભિષણને દેશ નિકાલ કરી દીધો. વિભીષણ પ્રભુના શરણે આવ્યો, પ્રભુએ એને શરણાગત રાખ્યો, અને સમુદ્ર પાર કેવી રીતે કરવો એની ચર્ચા કરી. ત્રણ દિવસ તપ કરવાં છતાં, સમુદ્ર માનતો નથી, ત્યારે લક્ષ્મણ પાસે બાણ માગ્યું, અને સેતુબંધ સુધી કથાને લઈ જઈ સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ઓનલાઇન નોકરી શોધી રહેલા યુવાનને ભેટી ગયા સાયબર ગઠીયા

# કંપનીના નામે કામ દીધો-નોકરીના નામે છેતર્યો

## યુવાને ઓનલાઇન રીઝ્યુમ મુક્યુ હોઇ તેના આધારે ઘરે બેઠા ટાસ્ક પુરા કરવાનું કામ આપી શરૂઆતમાં નાણા અપાયાઃ પછી સામે મંગાયા! : બીજી તરફ મહીને સાત ટકા વળતરની લાલચ દઇ કરોડોની ઠગાઇમાં આરોપી ઝડપાયો

રાજકોટ,તા.૨૫

ઓનલાઇન ગઠીયાગીરી અટકે એ વાતમાં કોઇ તથ્ય જ નથી. સાયબર ક્રાઇમ પોલીસ સરકાર ગમે એટેલા પ્રયાસ કરે સાયબર ગઠીયાઓ હમેંશા બે પાંચ નહિ અનેક ડગલા આગળ રહે છે અને ફ્રોડ આચરી લે છે. વધુ એક યુવાન કે જે ઓનલાઇન નોકરી શોધી રહ્યો હતો તે સાયબર ગઠીયાઓનો શિકાર બની ગયો હતો. તેને ઘરે બેઠા કમાણી કરવાની ઓફર આપી ટાસ્કના નામે છેતરી લેવાયો છે. એક તો નોકરી શોધતો હતો તેમાં ઘરના નાણા ગુમાવવાનો વખત આવ્યો હતો. સાયબર ફ્રોડ થઇ જતાં તેણે પોલીસને જાણ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો નડીયાદના વસો તાલુકાના પીજ ગામના લિંક્ડઈન પર નોકરીની શોધ કરી રહેલા યુવકને સાયબર ગઠિયાએ શોભા રિયાલિટી કંપનીના નામે ટાસ્ક આપી વિશ્વાસમાં લઈ ઓનલાઇન એક લાખ સોળ હજાર છસ્સો નવ રૂપિયા ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે છેતરપિંડીનો ભોગ બનનાર યુવાને વસો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર વસો તાલુકાના પીજ ગામે આધ્યવિલા સોસાયટીમાં રહેતા અને મુંબઈ ખાતે ટેલી પરફોર્મન્સ કંપનીમાં નોકરી કરતા જયેશભાઈ નટવરલાલ કાપડિયા છેલ્લા ત્રણેક માસથી ઘરે હતાં.

તેઓએ નવી નોકરી મેળવવા માટે લિંક્ડઈન એપ્લિકેશન પર પોતાનું રિઝયુમ મૂક્યું હતું. આ દરમિયાન શોભા રિયાલિટી નામની કંપની તરફથી જયેશભાઈને ઘરે બેઠા ટાસ્ક પૂરા કરીને પૈસા કમાવવાની ઓફર કરતો મેસેજ મળ્યો હતો. જેથી જયેશભાઈએ સંમતિ દર્શાવતા અજાણ્યા મોબાઈલ પરથી ફોન કરી તેમનું ઈન્ટરવ્યુ લઈને ટેલિગ્રામ પર રિયલ એસ્ટેટ આસિસ્ટન્ટ નામના ગ્રુપમાં જયેશભાઈને જોઈન કરવામાં આવ્યા હતા.

આ ટેલિગ્રામ ગ્રુપમાં જોડાયા બાદ તેમને અલગ-અલગ કંપનીઓની વેબસાઈટ લિંક મોકલી ટાસ્ક સોંપવામાં આવ્યા હતા અને ટાસ્કના નામે અલગ-અલગ બેંકના ખાતામાં પૈસા ભરાવવામાં આવ્યા હતા, જેની સામે તેમને કમિશન સાથે વધુ નાણાં પરત મળતા જયેશભાઈને વિશ્વાસ બેઠો હતો. ત્યારબાદ જયેશભાઈએ અલગ-અલગ ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.૧,૧૬,૬૦૯ ભરી ટાસ્ક પૂરા કર્યા હોવા છતાં સામા પક્ષેથી કોઈ વળતર ચૂકવાયું ન હતું.

જ્યારે જયેશભાઇએ પોતાનુ વળતર માંગતા તેની પાસેથી ઉલટાના વધુ એક લાખ નેવ્યાસી હજારની માંગણી કરવામાં આવી હતી. આથી તેને પોતાની સાથે ઠગાઇ થયાનો અહેસાસ થયો હતો. તેઓએ સાયબર ફ્રોડ હેલ્પલાઇન પર ફરિયાદ કરી હતી. આ બનાવ અંગે વસો પોલીસે મોબાઈલ ધારક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારે અગાઉ પણ ટાસ્કના નામે ઓનલાઇન જોબના નામે યુવક, યુવતિઓને છેતરી લેવાયા છે. અનેક વખત આવા બનાવો બની ચુક્યા છે આમ છતાં લોકો ઓનલાઇન જાહેરાતો જોઇને આંધળો વિશ્વાસ કરી નાણાનું રોકાણ કરી નાણા ગુમાવી રહ્યા છે. આ એક નવો કિસ્સો ઉમેરાઇ ગયો છે.

બીજી તરફ ભાવનગરમાં લોકો સાથે વિશ્વાસ સંપાદન કરી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર શખ્સને ભાવનગર સીઆઈડી ક્રાઇમ એ ઝડપી લઇ ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં. જીગરકુમાર અશોકકુમાર ભટ્ટ તથા તેની માતા રેખાબેન અશોકભાઈ ભટ્ટ સાથે વિવેક નાથાણી તથા તેનો પાર્ટનર પ્રતીકભાઈ ગલચટએ શરૂઆતમાં વિશ્વાસ સંપાદન કરવા શરૂઆતમાં જે નાણા રોકેલા તે જીગરકુમારને કરેલ વાયદા મુજબ પરત આપેલા અને વધુ નાણા રોકાવાની લોભામણી લલચામણી જાહેરાતો આપવાનું ચાલુ રાખતા જીગરકુમારએ વધુ નાણાનું રોકાણ કરેલ અને બન્ને શખ્સે દ્વિજા ફાઇનાન્સ સોલ્યુશન પ્રેમ્ફલેટ બતાવી મંથલી સાત ટકા સુધીના વળતર આપવાની લોભામણી લલચામણી જાહેરાતો બતાવી હતી.

આ પછી જીગરકુમાર પાસેથી રૂ. ૬,૫૦,૫૪,૦૦૦ તથા અન્ય ૪૧ ભોગબનનાર-રોકાણકારો પાસેથી રૂ.૩,૯૨,૮૭,૩૭૮ નું રોકાણ મેળવી લઇ તે પૈકી આજદીન સુધી ફરી.ને રૂ. ૩,૦૨,૩૮.૫૦૦. તથા બીજા રોકાણકારોની રૂ.૧,૧૭,૯૨,૨૭૩ મળી કુલ રૂ.૪,૨૦,૩,૦૭,૭૩ જેટલી રકમ મેળવી લઇ જીગરકુમાર તથા અન્ય રોકાણકારોને પાકતી મુદતે નાણાની ચુકવણી નાણાકીય વિશ્વાસઘાત અને છેતરપીડી આચરી હતી.આ બનાવ સંદર્ભે સીઆઈડી ક્રાઇમએ વિવેક મિલનભાઈ નાથાણી નામના શખ્સની ધરપકડ કરી ભાવનગર સીઆઈડી ક્રાઇમ એ શખ્સના ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં. તપાસમાં વધુ વિગતો બહાર આવશે

### ચેકની રકમ એક મહિનામાં પરત ન કરે તો વધુ ૬ માસની સજાનો હુકમ

# પાંચ લાખના પાંચ ચેક રીટર્ન કેસમા ૨ વર્ષની સજા

રાજકોટ, તા. ૨૫

ચેક રીટર્ન કેસોમાં રકમ પરત કરવાના ચુકાદાઓના કિસ્સાઓ ભાગ્યેજ બનતા હોય છે તેવી ઘટના રાજકોટની અદાલતમાં પાંચ-પાંચ લાખના પાંચ ચેકો રીટર્ન કેસોમાં બે વર્ષની સજા ઉપરાંત ચેકની રકમ ફરીયાદીને એક માસમાં ચુકવવી અને તેમા કસુર કર્યે વધુ છ માસની સજા ફરમાવતો સીમાચીન્હરૂપ ચુકાદો રાજકોટના એડી.ચીફ જયુડો. મેજી.એ હુકમ કર્યો છે.



રસીકભાઈ શામજીભાઈ ચોવટીયા પાસેથી મિત પ્રવિણભાઈ ગોઠીએ સંબંધના દાવે રૂ. ૨૫ લાખ બે મહિના પૂરતા લીધા હતા. આ સમયે મિતએ પ્રોમીસરી નોટ લખીને રકમના ૫ ચેક આપ્યા હતા. જે તમામ વસુલાયા વગર બેન્કમાંથી પાછા ફરતા પૈસા ચુકવવા નોટીસ અપાઈ હતી. છતાં પૈસા પરત વાળવા બેદરકારી દાખવાતા અંતે કોર્ટમાં કેસ દાખલ કરાયા હતા.

કેસ ચાલ્યો ત્યારે ફરિયાદી તરફના વકીલ દ્વારા કરાયેલી અસરકારક દલીલોના અંતે એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટએ બે વર્ષની સજા ઉપરાંત ચેકની રકમ ફરીયાદીને એક માસમાં ચુકવવી અને તેમા કસુર કર્યે વધુ છ માસની સજા ફરમાવતો સીમાચીન્હરૂપ ચુકાદો રાજકોટના એડી.ચીફ જયુડો. મેજી.એ હુકમ કર્યો છે. ઉપરોકત કામના ફરીયાદી રસીકભાઈ ચોવટીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા અને મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણમ, રાહીલ ફળદુ રોકાયા હતા.

# પૌત્રના કબ્જા બાબતે પ્રોઢ પર હુમલો

રાજકોટ, તા. ૨૫

કુવાડવા નજીકના કુચીયાદળ ગામે રહેતાં પ્રૌઢ પર તેના પૌત્રના કબ્જા બાબતે હુમલો કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં એટ્રોસીટી એકટ હેઠળ ફરિયાદ થઇ છે. આ મામલે આ પ્રૌઢના પુત્રવધૂ અને તેણી હાલ જેની સાથે મૈત્રી કરારથી રહે છે તે શખ્સ વિરૂધ્ધ ફરિયાદ દાખલ થઈ છે.

વધુ વિગતો મુજબ,કુચીયાદળના રવજીભાઈ ગોવિંદભાઈ વાઘેલા (ઉ.વ.૫૭)ની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં તેજસભાઈ દલપતરામ દેસાણી અને સંગીતાબેન માણસુરભાઈ ચાવડા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રવજીભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેના દિકરા હરેશભાઈના પુત્ર જીયાંશ કે જે સાડા ત્રણ વર્ષનો છે તેને બળજબરી પુર્વેક લઇ જવા માટે તેજસ અને સંગીતા કુચીયાદળ આવ્યા હતાં. આ સમયે રવજીભાઈના પત્નિએ બાળકને લઈ જવાની ના પાડતાં તેજસે તેણીને ગાળો દીધી હતી. બાદમાં તેજસ અને સંગીતાએ મળી તેણીના વાળ પકડી માથુ દીવાલમાં ભટકાવ્યું હતું. રવજીભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેજસ અને સંગીતા સાથે બાળકની કસ્ટડીનો કોર્ટમાં કેસ ચાલુ છે. આ કેસનો ચુકાદો આવે અને તમે કેસ જીતો તો બાળકને લઈ જજો તેમ કહેતાં તેજસે કાંઠલો પકડી ગાળો દઈ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં અને અગાઉ તમારા દિકરાની વહુને લઇ ગયો હતો, હવે તેના દિકરાને લઈ જાઉ છું થાય તે કરી લેજો તેમ કહી ધમકી આપી હતી.

### ગુજરાત સરકારની ડ્રગ્સ વિરુદ્ધ પઝીરો ટોલરન્સથ નીતિ

# બે વર્ષમાં ૩,૭૨૭ કરોડનું ડ્રગ્સ પકડ્યું : ડ્રગ્સ સામે જંગ યથાવત

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા કડક અને નક્કર પગલાંઓની વિધાનસભામાં વિગતવાર માહિતી રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડ્રગ્સના સોદાગરો સામે ગુજરાત પોલીસે ટોપ ટુ બોટમ ઇન્વેસ્ટિગેશન કરીને કડકમાં કડક કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં ડ્રગ્સ સોદાગરોની રૂ. ૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરી છે. એટલું જ નહીં, ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્વોના ગેરકાયદે બાંધકામો પર પણ પદાદાનું બુલડોઝરથ ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત પોલીસે અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન સાધીને પપાંડી બ્રધર્સથ જેવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડ્યું છે.

ગુજરાત પોલીસે ડ્રગ્સ બનાવતી ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાંથી પણ ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પકડી છે. તે ઉપરાંત ડ્રગ પેડલર અને ડ્રગ કાર્ટેલ્સને પકડીને ટોપ ટુ બોટમ તમામ પ્રકારના પાસાઓને ધ્યાનમાં રાખીને ઇન્વેસ્ટિગેશન કરી ડ્રગ નેટવર્કના મુળ સુધી પહોંચી ગુનેગારો સામે કડક પગલાં લીધા છે.



ડ્રગ્સ માફિયાઓની મિલકતો પર પણ બુલડોઝર ફેરવાયું : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સંઘવીએ ઉમેર્યું હતું કે, ડ્રગ્સના દુષણ સામે લડવા માટે સરકારે માત્ર કાયદાકીય કાર્યવાહી જ નહીં, પણ માનવીય અભિગમ પણ અપનાવ્યો છે. ડ્રગ્સની આદતનો ભોગ બનેલા યુવાનોને જેલમાં મોકલવાને બદલે, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને તેમના પરિવાર સાથે મળીને કાઉન્સેલિંગ દ્વારા તેમને ફરી મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. અસરગ્રસ્તોને સ્થાનિક સ્તરે જ મદદ મળી રહે તે માટે આ વર્ષના બજેટમાં દરેક જિલ્લામાં ડ્રગ્સ મુક્તિ માટે નવા સેન્ટર ખોલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બાબતે વિગતે માહિતી આપતા મંત્ર કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૧,૬૪૭ ગુનાઓ નોંધાયા છે, જેમાં આશરે ૪૧,૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂ. ૩,૭૨૭ કરોડ થાય છે. છેલ્લા બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાં ૧૩૫ ગુનાઓ હેઠળ ૩૦૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને રૂ. ૨૪૪.૫૯ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

મંત્રી વેકરિયાએ ઉમેર્યું હતું કે, દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે અઝજ અને અન્ય એજન્સીઓ સતત સતર્ક છે. પડ્રગ્સને ઉગામો અને પકડનારને પ્રોત્સાહનપ ના સૂત્ર સાથે ગુજરાત સરકાર યુવા પેઢીને બચાવવા કટિબદ્ધ છે. ડ્રગ્સ નેટવર્કને તોડવા માટે રાજ્યમાં ૬ ઝોનમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સનું માળખું કાર્યરત કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત ક્રાઇમ રેટ માત્ર ૦.૮ છે, જે સમગ્ર દેશમાં સૌથી ઓછો છે. ડ્રગ્સના વેપાર દ્વારા ઊભી કરવામાં આવેલી ગેરકાયદે મિલકતો પર પણ રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં રૂ. ૩૨.૨૦ કરોડની મિલકતો જપ્ત કરી છે અને ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવ્યું છે. જામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે ઉમેર્યું હતું.

મંત્રીએ કહ્યું કે, દરિયાઈ માર્ગ હોય કે અન્ય માધ્યમ, ગુજરાત પોલીસ અને અઝજની બાજ નજરને કારણે ડ્રગ્સના સોદાગરો માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નજામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે.થી. સરકારના આ સઘન પ્રયાસોને પરિણામે રાજ્યમાં ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા માટે લોકભાગીદારી પણ વધી રહી છે.

# PSI-LRDની લેખિત પરીક્ષા ૧૯મી એપ્રિલે

## ગુજરાત પોલીસ ભરતી ૨૦૨૫-૨૬ અંગે ઉમેદવારો માટે આવ્યા ખુશીના સમાચાર




ગાંધીનગર, તા.૨૫

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ક્જાંઈ અને લોકરક્ષક માટે ત્રક્ષ્છ્ઈ/૨૦૨૫૨૬૧ હેઠળ ૧,૧૦,૬૬૫ ઉમેદવારો શારીરિક કસોટીમાં પાસ કર્યા છે, જેમાં ૭૪,૫૯૧ પુરુષ અને ૩૬,૦૭૪ મહિલાનો સમાવેશ થાય છે. લેખિત પરીક્ષા સંભવિત રીતે ૧૯.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે.

હાલમાં ચાલી રહેલી ગુજરાત પોલીસની જાહેરાત ક્રમાંકઃ ત્રક્ષ્છ્ઈ/૨૦૨૫૨૬૧ અન્વયે ચાલી રહેલી ક્જાંઈ અને લોકરક્ષક કેડરની ભરતી અંગે હાલ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડે આ ભરતી અન્વયે તાજેતરમાં શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષાની સંભવિત તારીખ જાહેર કરી છે. સંભવિત રીતે આગામી તા.૧૯.૦૪.૨૦૨૬ના રોજ આ અંગેની લેખિત પરીક્ષા યોજાશે તેવું ગુજરાત પોલીસ ભરતી બોર્ડે એક પ્રેસ નોટ જાહેર કરી માહિતી આપી છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાલ જાહેરાત ક્રમાંકઃ ત્રક્ષ્છ્ઈ/૨૦૨૫૨૬૧ અન્વયે પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરની ભરતી ચાલી રહી છે. આ ભરતીમાં અરજી કરનાર કન્ફર્મ થયેલ ૧૦ લાખથી વધુ ઉમેદવારોની શારીરિક કસોટી હાલ બે દિવસ અગાઉથી એટલે કે તા. ૨૧.૦૨.૨૦૨૬થી રાજ્યના જુદા જુદા ૧૫ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવી રહી છે.

આ કન્ફર્મ થયેલ ઉમેદવારો પૈકી, ફક્ત પો.સ.ઇ. અથવા પો.સ.ઇ. અને લોકરક્ષક બંન્ને માટે ઉમેદવારી નોંધાવેલ હોય તેવા ૩,૯૩,૫૫૮ ઉમેદવારોની શારીરિક કસોટી શરૂઆતના દિવસોમાં યોજવામાં આવી હતી. ત્યારે આ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારોનું પરિણામ આજરોજ ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે પ્રેસ નોટમાં આપેલી સત્તાવાર માહિતી મુજબ, ભરતી બોર્ડની વેબસાઇટ પર આજે જાહેર થયેલ જાહેરાત ક્રમાંકઃ ત્રક્ષ્છ્ઈ/૨૦૨૫૨૬૧ની શારીરિક કસોટીમાં પાસ થયેલા કુલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારોમાં ૭૪,૫૯૧ પુરુષ ઉમેદવારો તેમજ ૩૬,૦૭૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થયેલ છે, સાથે જ પાસ થયેલા આ ઉમેદવારોમાં ૭૦૯ એક્સ સર્વિસમેનનો પણ સમાવેશ થાય છે. હવે આ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ આ તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૧૯.૦૪.૨૦૨૬ના રોજ યોજાવાની સંભાવના છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે પ્રેસ નોટમાં આપેલી સત્તાવાર માહિતી મુજબ, ભરતી બોર્ડની વેબસાઇટ પર આજે જાહેર થયેલ જાહેરાત ક્રમાંકઃ ત્રક્ષ્છ્ઈ/૨૦૨૫૨૬૧ની શારીરિક કસોટીમાં પાસ થયેલા કુલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારોમાં ૭૪,૫૯૧ પુરુષ ઉમેદવારો તથા ૩૬,૦૭૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થયેલ છે, સાથે જ પાસ થયેલા આ ઉમેદવારોમાં ૭૦૯ એક્સ સર્વિસમેનનો પણ સમાવેશ થાય છે. હવે આ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ આ તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૧૯.૦૪.૨૦૨૬ના રોજ યોજાવાની સંભાવના છે.

### બાકાઝીકી-બટાઝટી...કોઇને પારકાએ લોહી કાઢ્યા, કોઇ માટે ઘરના બન્યા ઘાતકી

# મંદિરથી દૂર જવાનું કહેતાં મહિલાની બેફામ ધોલાઇ

## શાપરમાં બનાવઃ હુમલામાં ઘાયલ મહિલા સારવાર હેઠળઃ બીજા બનાવમાં જમીનના ભાગ મામલે ભાઇઓ વચ્ચે જામી પાડીઃ બે ભાઇ, ભત્રીજાને ઇજાઃ ત્રીજા બનાવમાં યુવાન પર જુના મનદુઃખમાં હુમલો

રાજકોટ,તા.૨૫

જુદા જુદા કારણોસર બટાઝટી-બાકાઝીકી બોલાવવાની ઘટનાઓ પણ રોજીંદી છે. કોઇવાર પારકા ઘા કરી જાય છે, તો ઘણીવાર ઘરના જ લોહીલુહાણ કરી જાય છે. આવી જ એક ઘટનામાં જમીનના ભાગ મામલે ભાયુ-ભાયુ ધોકા-ધારીયાથી સામસામે આવી જતાં ત્રણ જણા લોહીલુહાણ થઇ ગયા હતાં. બીજી ઘટનામાં મંદિરમાં દારૂ પીને સુવા આવેલા શખ્સને મંદિર પાસે જ રહેતી મહિલાએ દૂર જવાનું કહેતાં આ નશાખોરે મહિલાને ધોકા-ઢીકાથી એવો માર માર્યો હતો કે તેણીને હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી.



વિગતો પર નજર કરીએ તો દારૂડીયાએ શાપર વેરાવળમાં ધમાલ મચાવી હતી, એ પણ પોલીસ ચોકી નજીક જ. વિગતો મુજબ શાપર પોલીસ ચોકી નજીક આવેલા મેલડી માતાજીના મંદિર પાસે મોડી રાતે પિસ્તાલીસ વર્ષના કાજલબેન જગદીશભાઇ કુડેચાને અજાણ્યા શખ્સે મોઢા માથા પર ઢીકા ધોકાથી બેફામ માર મારતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવલ હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં શાપર પોલીસે તપાસ હાથ ધરી છે. કાજલબેને કહ્યું હતું કે પોતે મુળ જુનાગઢના છે અને હાલ કેટલાક મહિનાથી શાપર મેલડી માતાના મંદિરે રહી સેવા પુજા કરે છે. તેણીના પતિ ટ્રકમાં ક્લીનર તરીકે કામ કરે છે.

મોડી રાતે સાડા બારેક વાગ્યે પોતે મંદિરે હતાં ત્યાર અજાણ્યો શખ્સ દારૂનો નશો કરીને આવ્યો હતો અને બકવાસ કરતો હતો. તે મંદિરના પ્રાંગણમાં સુતો હોઇ તેને બહાર નીકળી થોડે દૂર સુવાનું કહેતાં ઉશ્કેરાઇ ગયો હતો અને ઢીકા મારી બાદમાં ધોકાથી હુમલો કર્યો હતો. પોલીસે ખરેખર શું બન્યું? હુમલાખોર કોણ હતો? કયા કારણોસર હુમલો થયો? તે જાણવા પોલીસે તપાસ શરૂ કરી હતી. સીસીટીવીને આધારે આરોપી સુધી પહોંચવા મથામણ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો જર જમીન ને જોરૂ કજીયાના છોરૂ કહેવત અહિ સાચી ઠરી હતી. સુરેન્દ્રનગરના સાયલા તાબેના કોટડા ગામે બે ભાઇઓના પરિવાર વચ્ચે લાંબા સમયથી ચાલતાં જમીનના ભાયુભાગના વિખવાદમાં ગત સાંજે વાડી વિસ્તારમાં ફરીથી બોલાચાલી થતાં એક બીજા પર ધોકા-ધારીયાથી હુમલો કરતાં બે સગા ભાઇ અને એક ભત્રીજાને ઇજાઓ થતાં લોહીલુહાણ થઇ ગયા હતાં. સાયલાના કોટડા ગામે રહેતાં સુખાભાઇ વાલાભાઇ વાળા નામના બાવન વર્ષના પ્રૌઢ વાડી વિસ્તારમાં પોતાની વાડી પાસે હતાં ત્યારે તેમના સગા મોટા ભાઇ નથુભાઇ સહિતે ધોકાથી માર મારતાં ઇજા થતાં રાજકોટ સારવાર માટે દાખલ થયા છે. તેણે જણાવ્યું હતું કે ખેતીની જમીનના ભાયુભાગ મામલે ભાઇઓ વચ્ચે માથાકુટ ચાલે છે, આ કારણે બોલાચાલી કરી હુમલો કરાયો હતો.

બીજી તરફ સુખાભાઇના મોટા ભાઇ પંચાવન વર્ષના નથુભાઇ વાલાભાઇ વાળા અને ભત્રીજો ત્રીસ વર્ષનો વિજય નથુભાઇ વાળા પણ પોતાના ઉપર સુખાભાઇ, અશ્વીન સહિતે ધારીયાથી હુમલો કર્યો હોવાનું કહ્યું હતું. તેણે પણ જમીનના ભાગ મામલે મનદુઃખ ચાલતુ હોઇ તેના કારણે મારામારી થયાનું કહ્યું હતું. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બંને એન્ટ્રી ધજાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

બાકાઝીકીની ત્રીજી ઘટના મોરબીમાં બંધુનગરમાં રહેતાં નવઘણભાઇ ગોકળભાઇ મેણીયા નામના બેતાલીસ વર્ષના યુવાન સાથે બંધુનગરના ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બની હતી. તેને ત્યારે ધોકા-પાઇપથી માર મારવામાં આવતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે મોરબી પોલીસને જાણ કરી હતી.

નવઘણભાઇએ કહ્યું હતું કે પોતે અગાઉ ઘડીયાળના પુંઠાના બોક્સ બનાવતી કંપનીમાં નોકરી કરતાં હતાં. તાજેતરમાં તેમને પગાર આપી છુટા કરી દેવાયા હતાં. પરંતુ કંપનીમાં પોતે હતાં ત્યારે ત્યાં પોતાનો સોનાનો ચેઇન ખોવાઇ ગયો હોઇ આ બાબતે ત્યાંના સિક્યુરીટી ગાર્ડ સાથે વાત કરવા માટે તે કંપનીના ગેઇટ પાસે ગયા હતાં અને કોઇને ચેઇન મળે તો જાણ કરવા કહ્યું હતું. આ વખતે શેઠના માણસોએ આવી ક્રિકેટ ગ્રાઉન્ડમાં લઇ જઇ બેફામ માર માર્યો હતો. પોતે એક બહેનથી નાના છે અને સંતાનમાં બે દિકરા છે. મોરબી પોલીસે ખરેખર કયા કારણે કોણે હુમલો કર્યો? તેની તપાસ શરૂ કરી હતી.

---

### ગઠીયાગીરીના યુગમાં આવા ગતકડા કરનારાઓ પણ પડ્યા છેઃ આને મોંઘવારી ન નડે

# કથા ટૂરના આયોજનના નામે લેભાગુ છેતરી ગયો

## કથાકારે પુરીમાં કથા યોજવા ઓપરેટરને નાણા દીધાઃ પણ તે બધાને શીરડીમાં રેઢા મુકી ફોન બંધ કરી ભાગી ગયોઃ પોલીસ સુધી મામલો પહોંચતાં દબોચી લઇ શરૂ કરાઇ પુછપરછ

રાજકોટ,તા.૨૫

લેભાગુ ગઠીયાઓ કેવા કેવા તુક્કા અજમાવી પોતાના ગજવા ભરતા હોય છે તે જાણીને ઘણીવાર ચોંકી જવાય છે. અલગ અલગ રીતે ઠગાઇ કરનારા ઓછા હતાં ત્યાં હવે એક લેભાગુએ ભાગવત કથાના નામે કાંડ કર્યુ છે. પુરીમાં કથાનું આયોજન કરવાના નામે કહેવાતો ટૂર ટ્રાવેલ્સ સંચાલક-ઓપરેટર લાખો ઉસેડીને ગાયબ થઇ ગયો છે. શ્રધ્ધાળુઓને તે અધવચ્ચે છોડીને ભાગી જતાં આ ટૂરમાં સામેલ થયેલા લોકો દુઃખી અને હેરાન થઇ ગયા હતાં. પોલીસ સમક્ષ આ મામલો પહોંચતા લેભાગુને ઝડપી લઇ કાર્યવાહી કરવામાં આવી હતી.



વિગતો પર નજર કરીએ તો કામરેજ પોલીસે જગન્નાથ પુરીમાં શ્રીમદ ભાગવત કથાના આયોજનના બહાને શ્રદ્ધાળુઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર ટૂર એન્ડ ટ્રાવેલ્સના માલિકની ધરપકડ કરી છે. આરોપીએ કથાના નામે પૈસા ઉઘરાવી શ્રદ્ધાળુઓને અધવચ્ચે છોડી દીધા હતા. આ અંગે કામરેજ પોલીસ મથકે તન્વીબેન ઉદયભારતી ગોસ્વામીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેમના સસરા કથાકાર કિરીટભારતી ભાનુભારતી ગોસ્વામીનો સંપર્ક પોરબંદરના ટૂર ઓપરેટર દર્પણભાઈ સુધીરભાઈ પંડ્યા સાથે થયો હતો.

દર્પણ પંડ્યાએ જગન્નાથ પુરીમાં કથાના આયોજન માટે વ્યક્તિ દીઠ રૂપિયા પાંત્રીસસોનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. કથાકાર કિરીટભારથીએ તેમના સમાજ અને ઓળખીતા લોકો પાસેથી અંદાજે ત્રણ લાખ પંદર હજાર પાંચસો રૂપિયા એકઠા કર્યા હતા. આ રકમ દર્પણ પંડ્યાના ખાતામાં ઓનલાઇન અને રોકડ સ્વરૂપે જમા કરાવવામાં આવી હતી. કથાનું આયોજન તારીખ નક્કી થઇ ગયા હતાં. શ્રદ્ધાળુઓને ચાર લક્ઝરી બસોમાં અમદાવાદથી કામરેજ ખાતેના દાદા ભગવાન મંદિર પાસે લાવવામાં આવ્યા હતા. અહીં બસના ડ્રાઈવરોએ ડીઝલ માટે પૈસા માંગતા, દર્પણ પંડ્યાએ મુસાફરોને અત્યારે પૈસા આપી દેવા અને પોતે શિરડી આવીને તે પરત કરશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

શ્રદ્ધાળુઓએ ભેગા મળીને રૂ. ૧,૦૫,૦૦૦નું ડીઝલ ભરાવ્યું હતું. જ્યારે શ્રદ્ધાળુઓ શિરડી પહોંચ્યા ત્યારે દર્પણ પંડ્યાએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો અને કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કરી ન હતી. છેતરપિંડીનો અહેસાસ થતા ભોગ બનનાર શ્રદ્ધાળુઓએ તાત્કાલિક કામરેજ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. કામરેજ પોલીસ મથકના પીઆઈ એ. ડી ચાવડાના જણાવ્યા મુજબ, આરોપી દર્પણભાઈ સુધીરભાઈ પંડ્યા વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ હવે તેની પાસેથી વિશેષ વિગતો ઓકાવી રહી છે. લોકોએ ગુમાવેલા નાણા રીકવર કરવા પોલીસ પ્રયાસ કરી રહી છે.

પોલીસ હાલ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આરોપીએ અગાઉ આ પ્રકારે અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી છે કે કેમ? જો અન્ય કોઈ પણ વ્યક્તિ આ ભેજાબાજ દ્વારા છેતરપિંડીનો ભોગ બની હોય, તો તાત્કાલિક કામરેજ પોલીસ મથકનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. આ રીતે અન્ય ટૂર પેકેજના નામે ઓનલાઇન ફ્રોડની ઘટનાઓ પણ અગાઉ અનેક વખત બની ચુકી છે અને લોકો લાખો ગુમાવી ચુક્યા છે. આવા ફ્રોડથી બચવા ગમે તેવા ઓપરેટરનો સંપર્ક કરી નાણા ચુકવતાં પહેલા પુરતી ખરાઇ કરી લેવી જરૂરી છે.

---

# દીકરીને ઝેર પીવડાવી દંપતીનો સામુહિક આપઘાત

સુરત, તા.૨૫

સુરતમાં વધુ એક સામૂહિક આપઘાત બનાવની ઘટના બહાર આવી હતી. સુરતમાં વેસુ વિસ્તારમાં આવેલી હેપી એલિગન્સ બિલ્ડિંગમાં બાલમુકુન્દ પરિવારના ચાર સભ્યોએ સામૂહિક આપઘાતનો કરવાની હ્દયદ્રાવક ઘટના સામે આવી છે. આખા પરિવારે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો, અને જેમાં પરિવારના પતિ-પત્ની અને એક માસૂમ દીકરી સહિત ત્રણ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે બીજી દીકરીનો આબાદ બચાવ થયો છે. મૃતક બાળકીની ઉંમર માત્ર ૫થી ૭ વર્ષ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસમાં ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ મળી આવી છે, જેમાં વૈભવ રુંગટા નામના શખ્સ દ્વારા રૂપિયા ઉઘરાણી માટે આપવામાં આવતા ત્રાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે.

આ ઘટના ની જાણ વેસુ પોલીસે થાયતા પોલીસ ના ઉચ્ચ અધીકારી ઘટના સ્થળે આવી તપાસ આદરી હતી અને વેસુ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ





એક દીકરીનો આબાદ બચાવ : આર્થિક ખેંચને કારણે ભર્યું પગલું : સુરતની ઘટનાથી અરેરાટી

બિહારના વતની અને છેલ્લા બે વર્ષથી ઘરે બેઠા શેરબજારનું કામ કરતા બાલમુકુન્દ નામના વ્યક્તિએ પોતાના પરિવારના પત્ની અને બે બાળકી સહીત ચાર સભ્યો સાથે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી લીધી હતો. જેમાં પરિવારમાં પતિ-પત્ની અને એક માસૂમ દીકરી સહિત કુલ ત્રણ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે બીજી દીકરીનો આબાદ બચાવ થયો છે આ બનાવની જાણ વેસુ પોલીસ ને થાયતા તાત્કાલિક ઘટના સ્થળે ઘસી આવ્યા હતા આ બાબત ની જાણ પોલીસ ના ઉચ્ચ અધીકારી સેક્ટર ૨ ના કે એન ડામોર અને નાયબ પોલીસ કમિશ્નર નિધી ઠાકોર અને મદદનીશ પોલીસ કમિશ્નર વી આર મલ્હોત્રા થતા દોડી આવ્યા હતા, પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી બાલમુકુન્દ ની ત્રણ પાનાની એક સુસાઇડ નોટ મળી આવી છે, જેમાં આ પરિવાર ધ્વરા અંતિમ પગલું ભરવા પાછળના ગંભીર કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બાલમુકુન્દ એ પોતાની સુસાઇડ નોટમાં જણાવ્યા અનુસાર, આરોપી વૈભવ રૂંગટાએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધા હતા અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે. હાલમાં વેસુ પોલીસે આરોપી વૈભવ રૂંગટા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

### વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારને આપી ગઇ આઘાત

# સાંકડા પૂલ પર ટ્રક-કાર અથડાતાં ક્ષત્રિય યુવાનનું મોત

## અગાભી પીપળીયાના પાંત્રીસ વર્ષિય યુવાને ઘટના સ્થળે જ અંતીમ શ્વાસ લીધાઃ ત્રણ સંતાને ગુમાવી પિતાની છત્રછાંયાઃ પરિવાર ઉપર વજ્રઘાત

રાજકોટ,તા.૨૫

જીવલેણ વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારને આઘાત આપી ગઇ છે. વાંકાનેર નજીકના સિંધાવદર ગામ પાસે આસો નદીના પુલ ઉપર સર્જાયેલા રોડ અકસ્માતમાં અગાભી પીપળીયાના વતની એવા આશાસ્પદ ક્ષત્રીય યુવાનની જિંદગીની સફરનો કરૂણ અંત આવી ગયો હતો. આ યુવાન નોકરી પુરી કરી ઘરે જવા નીકળ્યા હતાં પરંતુ કુદરતને જાણે કંઇક બીજુ જ મંજુર હોય તેમ ઘરે પહોંચે એ પહેલા રસ્તામાં જ તેમને પરલોકનું તેડુ આવી ગયું હતું.

જાણવા મળ્યા મુજબ ક્ષત્રિય યુવાન પૃથ્વીરાજસિંહ દશરથસિંહ જાડેજા કે જેમની ઉમર પાંત્રીસ વર્ષની હતી તેમના મૃત્યુથી પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે. પૃથ્વીરાજસિંહ જાડેજા વાંકાનેર- મોરબી હાઈવે ઉપર આવેલી કેલરીઝ કંપનીમાં છેલ્લા દસ બાર વર્ષથી નોકરી કરતા હતા. ગઇરાત્રે તેમના પિતાને પોતાના પુત્રને અકસ્માત થયાની જાણ થતા તે સમયે ગામમાં ઉપસ્થિત મોરબી જીલ્લા પંચાયતના સભ્ય એવા કૌટુબીંક





વધુ એક ઘટનાઃ દૂધ લેવા જઇ રહેલા વૃધ્ધાને આખલાએ ઢીંક મારી પાડી દીધા : અન્ય ઘટનામાં અધુરા માસે દિકરો જન્મતાં અને મૃત્યુ થતાં માતા-પિતા મૃતદેહ મુકી ગાયબ થયા!

ભાઇ હરદેવસિંહ જાડેજા સાથે તાબડતોબ કાર લઇને ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે પહેલેથી લોકોનું ટોળુ એકત્ર થઇ ગયું હતું અને ૧૦૮ પણ આવી પહોંચી હતી.

એમ્બયુલન્સમાં આવેલા તબીબોએ ઇજાગ્રસ્ત પૃથ્વીરાજસિંહ જાડેજાને તપાસી મૃત જાહેર કરતા પિતા અને કુટુંબીઓ ઉપર આભ તુટી પડયું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. પુલ સાંકડો હોવાથી ટ્રક અને અલ્ટો વચ્ચે અકસ્માત સજાર્યાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું હતું. ભોગ બનનાર પૃથ્વીરાજસિંહ પરિણીત હતા તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. સમગ્ર જાડેજા પરિવાર આ ઘટનાને પગલે ઉંડા આઘાતમાં ગરકાવ થઇ ગયો છે.

બીજી તરફ રખડતા ઢોરને કારણે વધુ એક વૃધ્ધાને ગંભીર ઇજા પહોંચી હતી. માળીયા મિંયાણાના વવાણીયા ગામે દૂધ લેવા જઇ રહેલા વૃધ્ધાને ખૂંટીયાએ ઢીંકે ચડાવી રોડ પર પછાડી દેતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. વવાણીયા ગામે રહેતાં સિત્તેર વર્ષના ગંગાબેન શંકરભાઇ પારઘી સાંજે ચારેક વાગ્યે ઘરેથી ચાલીને નજીકમાં દૂધ લેવા જઇ રહ્યા હતાં ત્યારે અચાનક ખૂંટીયો દોડી આવ્યો હતો અને તેમને ઢીંકી મારી રોડ પર પછાડી દેતાં દેકારો મચી ગયો હતો. લોકોએ ભેગા થઇ વૃધ્ધાને બચાવ્યા હતાં. તેમને ગંભીર ઇજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માળીયા પોલીસને જાણ કરી હતી. વૃધ્ધાને સંતાનમાં એક દિકરી છે. હજુ પરમ દિવસે જ પડધરીમાં એક વૃધ્ધે ઘરની ડોલી ખોલી બહાર ડોકુ કાઢ્યું ત્યાં જ તેમની ઉપર બાખડતાં આખલા ખાબકતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. ત્યાં આ બીજી ઘટના સામે આવી હતી.

અન્ય એક ઘટનામાં એક પરિણીતાએ પ્રસુતિની પીડા ઉપડતાં રાજકોટ ઝનાના હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. પણ અહિ તેણે અધુરા માસે દિકરાને જન્મ આપ્યો હતો. પરંતુ જન્મ સાથે જ આ બાળકનું મોત થયું હતું. હોસ્પિટલના સ્ટાફે નિયમ મુજબ પોલીસ કેસ જાહેર કરી પોલીસને જાણ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પરંતુ બીજી તરફ આ બાળકના માતા અને પિતા મૃતદેહ મુકી ગાયબ થઇ જતાં પોલીસે તેને શોધવા દોડધામ શરૂ કરી હતી.

સુત્રોના કહેવા મુજબ સજ્જનબેન ગોરધન ડામોર નામની સગર્ભાને પ્રસુતિની પીડા ઉપડતાં રાજકોટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. અહિ રાત્રીના તેણીએ અધુરા માસે બાળક એટલે કે પુત્રને જન્મ આપ્યો હતો. જો કે આ બાળકનું જન્મ સાથે જ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ દ્વારા નિયમ મુજબ આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. તેમજ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવા તજવીજ થઇ હતી. જો કે પોલીસ કાર્યવાહી માટે હોસ્પિટલે અને પોસ્ટમોર્ટમ રૂમ ખાતે પહોંચી ત્યારે બાળકનો મૃતદેહ તો હતો પરંતુ તેના માતા-પિતા ગાયબ હતાં. આ બંનેની પોલીસે શોધખોળ શરૂ કરી હતી. બંને બામણબોર નજીક રોડના કામની ઇંટ ચાલુ હોઇ ત્યાં મજુરી કરતાં હોવાની માહિતી પોલીસને મળતાં તે તરફ તપાસનો દોર આગળ ધપાવ્યો હતો.

પત્નિએ રીસામણે જઇ કેસ કર્યો હતોઃ હપ્તા ચડી જતાં ત્રણ મહિનાથી જેલમાં હતો

# જેલવાસ ભોગવતા યુવાનનું હાર્ટએટેકથી મોત

## બીજી ઘટનામાં બાંધાકમની સાઇટ પર કામ કરતી ચોવીસ વર્ષની પરિણીતાને દિલ દગો દઇ ગયુંઃ દાઝી જતાં વૃધ્ધાનુ, શ્વાસમાં તકલીફથી પાંત્રીસ વર્ષના મહિલાનું મોત

રાજકોટ,તા.૨૫

અલગ અલગ કારણોસર મૃત્યુની વધુ પાંચ ઘટનાઓ સામે આવી છે. જેમાં જેલમાં ત્રીસ વર્ષના કેદીનું અને બાંધકામની સાઇટ પર ચોવીસ વર્ષની પરિણીતાનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું છે. દાઝી જવાથી એક વૃધ્ધાનો જીવ ગયો છે. તો ચોથા બનાવમાં શ્વાસ લેવામાં એકાએક તકલીફ થયા બાદ પાંત્રીસ વર્ષના મહિલાનું મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શાપર વેરાવળનો યુવાન પત્નિએ કરેલા ભરણ પોષણના કેસમાં હપ્તા ભર્યા ન હોઇ તેના કારણે ત્રણ મહિનાથી જેલમાં હોઇ સવારે જેલમાં ઢળી પડતાં મોત થયું છે. હાર્ટએટેક આવી ગયાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું. શાપર વેરાવળમાં વિશ્વાસ સીટીમાં રહેતો હિમતભાઇ સામતભાઇ સોલંકી નામનો ત્રીસ વર્ષનો યુવાન રાજકોટ જેલમાં સવારે એકાએક ઢળી પડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર હિમતભાઇ બે ભાઇ અને એક બહનેમાં નાનો હતો. સંતાનમાં ચાર વર્ષની એક દિકરી છે. પોતે સેન્ટીંગ કામ કરતો હતો. તેની પત્નિ પૂજાબેન હાલ માવતરે રિસામણે છે અને તેણીએ ભરણપોષણનો કેસ કર્યો હોઇ તેના હપ્તા ચડત થઇ ગયા હતાં. ત્રણ મહિનાથી હિમતભાઇ જેલમાં હોઇ આજે હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયું હતું. બનાવને પગલે પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ યુવાન મુળ અમરેલી કુકાંવાવના ચાંચાપરનો વતની હતો.





શાપર વેરાવળનો યુવાન પત્નિએ કરેલા ભરણ પોષણના કેસમાં હપ્તા ભર્યા ન હોઇ તેના કારણે ત્રણ મહિનાથી જેલમાં હોઇ સવારે જેલમાં ઢળી પડતાં મોત થયું છે. હાર્ટએટેક આવી ગયાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું. આ બનાવને પગલે પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. તો માસુમ દિકરાએ પિતાનું છત્ર ગુમાવી દીધુ હતું.

બીજી આવી હૃદય રોગના હુમલાથી મૃત્યુની ઘટના જોઇએ તો મવડી બાપા સિતારામ ચોક સત્ય પ્રાઇમ નામની નવા બની રહેલા બિલ્ડીંગની સાઇટ પર કડીયા કામની મજૂરી કરતી મુળ મધ્યપ્રદેશ જાંબુવાની શુક્લીબેન કરણભાઇ મોહનીયા નામની ચોવીસ વર્ષની પરિણીતા બપોરે સાઇટ પર હતી ત્યારે એકાએક બેઠા બેઠા ઢળી પડતાં બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ત્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. આર. ભરવાડ અને સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. તેણીના લગ્ન છ વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાન નથી. મુળ મધ્યપ્રદેશ જાંબુવાની આ પરિણિતા પતિ સાથે કડીયા કામની મજૂરી કરતી હતી. હાર્ટએટેક આવી ગયાનું તારણ નીકળ્યું હતું.

ત્રીજા બનાવમાં મોરબીમાં કેનાલ રોડ પર સુભાષનગર શીવ પાર્કમાં રહેતાં ગોદાવરીબેન મોહનભાઇ કનારા પંચોતેર વર્ષના વૃધ્ધા બાવીસમીએ સવારે છએક વાગ્યે ઘરે હતાં ત્યારે દાઝી જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મોરબી એ-ડિવીઝન પોલીસે રાજકોટ આવી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ગોદાવરીબેનને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. સગાએ કહ્યું હતું કે ગેસના ચુલા પર પાણી ગરમ કરવા મુક્યું હતું. તપેલુ ઉતારવા માટે કપડા-ગાભાનો ઉપયોગ કર્યો હતો. એ વખતે ગાભામાં ઝાળ લાગતાં ગોદાવરીબેને પહરેલા કપડામાં ભડકો થયો હતો. આ કારણે તેઓ દાઝી ગયા હતાં અને સારવારમાં મૃત્યુ થયું હતું.

ચોથા બનાવમાં ગોંડલ રોડ પર લોહાનગર ઉદ્યોગનગર ક્વાર્ટરમાં રહેતાં પાંત્રીસ વર્ષના પ્રીતિબેન મનોજભાઇ પનારા ઘરે સાડા ચારેક વાગ્યે ઘરે બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસમાં જાણ કરી હતી. મૃત્યુ પામનાર પ્રીતિબેનને સંતાનમાં બે પુત્ર છે.

પતિ મનોજભાઇ પનારા કારખાનામાં મજૂરી કરે છે. સગાએ જણાવ્યું હતું કે બે ત્રણ દિવસથી પ્રીતબેનને શરદી કફ હતાં. સવારે એકાએક શ્વાસ લેવામાં તકલીફ થઇ જતાં બેભાન જેવા થઇ ગયા હતાં અને સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

દામ્પત્ય જીવનમાં દગાખોરીને કારણે વેરણ-છેરણ થયા બે પરિવારઃ બે લાલબત્તી સમાન ઘટના

# પતિના લફરાથી ત્રાસેલી પત્નિનો આપઘાત

## બીજી ઘટનામાં પતિએ ત્રાસ ગુજારતાં પત્નિ રીસામણે જતાં પાછળથી પ્રેમિકા સાથે રહેવા માંડ્યોઃ સાસુને જાણ કરી તો તેણે પણ દિકરાનો સાથ દીધોઃ પતિ-સાસુ વિરૂધ્ધ દાખલ કરાવી એફઆઇઆર

રાજકોટ,તા.૨૫

દામ્પત્ય જીવનમાં દગાખોરીના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. કોઇ વખતે પતિ બેવફા બને છે તો કોઇ વાર પત્નિ ખોટુ કરી જાય છે. બે આવી ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં પતિના લવ લેટર અને કોલ રેકોર્ડીગનો ભાંડો ફુટતાં પતિને અન્ય મહિલા સાથે લફરૂ હોવાની ખબર પડતાં પત્નિએ નદીમાં કૂદી મોત મેળવી લીધુ છે. બીજી આવી જ ઘટના સામે આવી છે જેમાં પતિ-પત્નિ ઔર વોના કિસ્સામાં પતિને બીજી સ્ત્રી સાથે લફરૂ થઇ જતાં પત્નિને કાઢી મુકી હતી. પતિની આવી કરતૂતની પરિણીતાએ સાસુને ફરિયાદ કરતાં સાસુએ પણ તેણીને માર માર્યો હતો અને પોતાના દિકરાનો પક્ષ લીધો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો સુરતના છાપરાભાઠા વિસ્તારમાં પતિના અન્ય મહિલા સાથેના આડા સંબંધો અને શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને છાપરાભાઠાની બાવીસ વર્ષીય પરિણીતાએ તાપી નદીમાં કૂદી જીવન ટૂંકાવ્યું હતુ. અશ્વિનીકુમાર પોલીસે મૃતકના પતિ જોગેન્દ્રકુમાર પલધારી યાદવ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી.પોલીસ સુત્રોના કહેવા મુજબ ઉત્તર પ્રદેશના વતની અને હાલ અમરોલીના છાપરાભાઠા વિસ્તારમાં નિચલી કોલોનીમાં રહેતા રાહુલ યાદવે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેની બહેન કુસુમના લગ્ન આશરે દોઢ વર્ષ પહેલા જોગેન્દ્રકુમાર સાથે થયા હતા. લગ્ન બાદ કુસુમને જાણ થઈ હતી કે તેના પતિને સોનાલી નામની અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ છે.

આ બાબતે અવારનવાર ઘરમાં ઝઘડા થતા હતા અને પતિ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી મારઝૂડ કરતો હતો. તાજેતરમા પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન કુસુમે તેની બહેન સીમાને ફોન કર્યો હતો, જેમાં પતિ સાથેના ઝઘડાનું રેકોર્ડિંગ થઈ ગયું હતું. આ રેકોર્ડિંગમાં કુસુમ તેના પતિને અન્ય મહિલા સાથેના સંબંધો તોડી નાખવા વિનંતી કરતી સંભળાય છે. વધુમાં, કુસુમને ઘરની તપાસ કરતા પતિના નામે લખાયેલા અન્ય મહિલાના ્રેમપત્રો પણ મળી આવ્યા હતા, જે તેણે પુરાવા તરીકે સાચવી રાખ્યા હતા. ત્યારબાદ કુસુમ ઘરેથી ગુમ થઈ હતી, જે અંગે કતારગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી



હતી. દરમિયાન ત્રીજા દિવસે તાપી નદીમાંથી કુસુમની લાશ મળી આવી હતી. ભાઈ રાહુલે આક્ષેપ કર્યો હતો કે પતિના ત્રાસ અને અન્ય સ્ત્રી સાથેના સંબંધોને કારણે તેની બહેન આત્મહત્યા કરવા મજબૂર થઈ હતી. પોલીસે ગુનો નોંધી જોગેન્દ્રકુમાર પલધારી યાદવની ધરપકડ કરી હતી.

બીજી ઘટનાની વિગતો પર નજર કરીએ તો ઘટના જામનગરમાં હાપા ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં પતિ પત્નિ અને વોના પ્રણય ત્રિકોણ કિસ્સામાં નવો વળાંક આવ્યો છે. પતિએ અન્ય યુવતીના પ્રેમમાં પડી જઇ પોતાની પત્નીને ત્રાસ આપી ઘરમાંથી હાંકી કાઢી છે, ઉપરાંત તેની સાસુ ઉપર પણ હુમલો કરી દીધો હોવાથી મામલો પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને પતિ સામે ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ કરવામાં આવી છે. જામનગરમાં હાપા ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતી ભાવનાબેન જયંતીભાઈ રાજગોર નામની આડત્રીસ વર્ષની યુવતીના લગ્ન આજથી બાર વર્ષ પહેલા જામનગરના પરેશકુમાર આશા સાથે થયા હતા.

જો કે બાર વર્ષના લગ્ન ગાળા દરમિયાન કોઈ સંતાન પ્રાપ્તિ થઇ નહોતી. દરમિયાન શરૂઆતમાં સંયુક્ત પરિવારમાં પતિ પત્ની રહેતા હતા, પરંતુ થોડા સમય બાદ પતિ પત્નિ અલગ રહેવા માટે ચાલ્યા ગયા હતા, ત્યાં પતિએ પોતાની પત્નિને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું, જેથી પત્નિ ભાવનાબેન રીસાઈને પોતાના માવતરે રહેવા માટે આવી ગઈ હતી, અને છેલ્લા ત્રણ મહિનાથી પતિ પરેશકુમાર આશા જામનગર ની નયનાબેન મોતા નામની અન્ય એક મહિલાના પ્રેમમાં પડ્યા છે, અને તેની સાથે રહેવા માટે ચાલ્યા ગયા હોવાથી પતિ સાથે આ બાબતે ઝઘડો થયો હતો.

પરેશ આશા એ ઉસ્કેરાઈને પોતાની પત્નિ ભાવનાબેનના ઘેર ધસી આવ્યો હતો, અને માથાકૂટ કરી હતી. આ વેળાએ તેણીના સાસુ સાવિત્રીબેન કે જેઓએ સમજાવવા જતાં પરેશ ઉશ્કેરાયો હતો, અને પોતાના સાસુ સાથે ઝપાઝપી કરી હુમલો કરી દીધો હતો. આખરે આ મામલો પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે અને ભાવનાબેને પોતાના પતિ પરેશ આશા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મામલે એએસઆઇ શોભરાજસિંહ જાડેજા વધુ તપાસ હાથ ધરી છે. આમ દામ્પત્ય જીવનમાં બેવફાઇ વધુ એક પરિવારનો માળો વિખેરવામાં નિમીત બની છે.

રોકાણ કરો એટલે દરરોજ અડધાથી એક ટકાનો ચોખ્ખો નફો...એવી લાલચ દીધી

# સ્કીમના નામે મોટુ સ્કેમઃ એક કરોડની છેતરપીંડી

## કંપનીના નામે લેભાગુએ સાત લોકોને નાણાનું રોકાણ કરવા લલચાવીને આબાદ ફસાવ્યાઃ મલેશીયાના વિડીયો બતાવી પોતે ત્યાંનો અધિકારી હોવાનો દેખાવ કરતોઃ સીઆઇડી ક્રાઇમએ શરૂ કરી તપાસ

રાજકોટ,તા.૨૫

અલગ અલગ સ્કીમો વહેતી મુકી લોકોને રોકાણ પર મોટા નફાની લાલચ આપી છેતરીલેવાની ઘટનાઓ અટકતી જ નથી. વધુ એક આવી કંપનીના નામે સ્કીમ મુકી સાત લોકોના એક કરોડ રૂપિયા ખાઇ જવાયા છે. દરરોજ અડધાથી એક ટકાનું વળતર મળશે તેવી લાલચ અપાઇ હતી. આ મામલે સીઆઇડી ક્રાઇમ પાસે ભોગ બનનારા પહોંચતા એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામા આવી છે. વિગતો પર નજર કરીએ તો સુરતમાં એફસ્પાર્ક વર્લ્ડ બરહાડ કંપનીમાં રોકણ કરીને દરરોજનો અડધાથી એક ટકા ટકા જેટલું વળતર આપવાન લાલચ આપીને ઠગે તાપી જિલ્લામાં એજન્ટ બનાવી રૂ.૧.૦૨ કરોડની છેતરપિંડી કર્યાની ફરિયાદ સીઆઇડી ક્રાઇમમાં નોધાઇ છે. બનાવની પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ તાપી જિલ્લાના વ્યારા સ્થિત જલારામ સોસાયટીમાં રહેતા મણીલાલ બાબલાભાઇ ગામીત પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. તેમનો સંપર્ક કાર્તિક સાથે થયો હતો. તેણે પોતે મલેશિયાની સ્પાર્ક વર્લ્ડ બેરહાડ કંપની સાથે જોડાયેલા થે અને તેમની કંપનીના સીઇઓ પ્રાણેશ ઉપેન્દ્ર પટેલ હોવાનું તેમજ તેમની મુખ્ય ઓફિસ વડોદરા હોવાનું જણાવ્યું હતું.

તેમની કંપની ડોલરમાં રોકાણ કરતી હોવાથી તમારા રૂપિયા ડોલરમાં કન્વર્ટ થઇને રોકાણ થશે અને બાદમાં દરરોજના રૂ.૦.૫થી ૧ટકા જેટલુ વ્યાજ મળશે. જેથી વિશ્વાસમાં આવી ગયેલા મણીલાલે લોન લઇને તથા પોતાની જમીન ગીરવે મૂકી તથા પીએફના નાણા ઉપાડીને કુલ રૂ.૨૬.૩૫ લાખનું રોકાણ કર્યું હતું. જ્યારે ચારસો દિવસ બાદ પાકતી તારીખે મણીલાલ પોતાના પૈસા વિડ્રો કરવા માટે ગયા હતા ત્યારે તેમને કોઇને કોઇ બહાનું બનાવીને વિડ્રો કરવા દીધા ન હતી. જ્યારે મણીલાલે તપાસ કરતા અન્ય લોકો કેતન કિશોરભાઇ ચૌધરી, મિતુલ અરવિંદ ચૌધરી, રણજીત બાબુ ગામીત, સંગીતા કિરીટ પટેલ, ધવલ છના ચૌધરી અને ગીતા ગોપાલ કલરીકલ પાસેથી પણ રોકાણના નામે છોંતેર લાખ સુડતાલીસ હજાર પડાવી લીધા હોવાનું માલુમ પડ્યુ હતું. આખરે મણીલાલે -ાણેશ ઉપેન્દ્ર પટેલ તથા સ્પાર્ક વર્લ્ડ ના કથીત સીઇઓ મેક લી, ચીફ માર્કેટિંગ ઓફિસર ટી ટી સ્ટીવ સામે ફરિયાદ નોંધાવતા સીઆઈડી ક્રાઇમે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી હતી. પ્રાણેશે સ્કીમ મૂકી હતી કે ૧૦૦ ડોલરથી ૫૦૦૦ ડોલરનું રોકાણ કરે તો ૦.૫ ટકા અને ૧૦૦૦૦ ડોલરના રોકાણ પર ૧ ટકા દૈનિક વ્યાજ આપવામાં આવશે. દૈનિક ૧૦૦ ડોલરથી વધુ વ્યાજ થાય ત્યારે તેમને ડોલર વિડ્રો કરવા દેશે. આ કંપનીના સીઇઓ મેક લી અને ચીફ માર્કેટિંગ ઓફિસર ટી ટી સ્ટીવ હોવાનું કહ્યું હતું. જ્યારે વધારે રોકાણ કરનારને મલેશિયા સહિતના વિદેશી ટ્રીપ કરાવવાની લાલચ આપી હતી.

આ ઉપરાંત પ્રણેશ પટેલ વ્યારાના એરોમા હોટલમાં સેમિનાર ગોઠવ્યો હતો. જેમાં એજન્ટ અને રોકાણકારોનો બોલાવ્યા હતા. ત્યારે તેણે લોભામણી સ્કીમ બતાવીને અન્ય સેમિનારના વીડિયો સોશિયલ મીડિયા પર બતાવ્યા હતા. જેમાં મલેશિયાના અધિકારી હોવાનું બતાવીને લોકોને પ્રભાવિત કરતો હતો. આ રીતે રોકાણકારો તેની જાળમાં ફસાયા હતાં. સાત લોકોએ એક કરોડથી વધુની રકમ ગુમાવી દેતાં હવે સીઆઇડી ક્રાઇમ આ મામલે તપાસ કરી લેભાગુ ગઠીયાને શોધી રહી છે.

એક ગેંગને પકડી જેલભેગી કરો ત્યાં નવી ગેંગ મેદાને આવી પોલીસને ફેંકે પડકાર

# રીક્ષાગેંગ ત્રિપુટી બની ગઈ'તી બેફામ!

## એક મહિનામાં ચૌદ મુસાફરોના ખિસ્સા હીના, કિશલા, વિરૂએ કાપ્યાઃ પણ ગુનો દાખલ થયો માત્ર એક જઃ મોટે ભાગે હિન્દીભાષી-પરપ્રાંતિયોને જ નિશાન બનાવી સો-બસ્સોથી માંડે જે મળે તે ચોરી લેતાંઃ આવા લોકો મોટે ભાગે પોલીસ પાસે પણ જતાં હોતાં નથી

રાજકોટ,તા.૨૫

શહેરમાં અવાર-નવાર રિક્ષાગેંગ કળા કરતી રહે છે. પોલીસ એક ટોળકીને પકડીને જેલમાં ધકેલે ત્યાં નવી આવી ગેંગ આવી જાય છે. આવી જ એક નવી ગેંગને ક્રાઇમ બ્રાંચે પકડી છે. હીના, કિશન ઉર્ફ કિશલો અને વિરલ ઉર્ફ વિરૂની ત્રિપુટીએ રિક્ષાગેંગ બનાવી રાજકોટ, પાવાગઢ, બાવડા, મોરબી વિસ્તારમાં એક મહિનામાં મુસાફરના ખિસ્સા કાપવાના ચૌદ ગુના આચરી લીધા છે. જોવાનું એ છે કે આ ચૌદ પૈકી માત્ર એક જ બનાવમાં રાજકોટ થોરાળા પોલીસમાં એફઆઇઆર દાખલ થઇ હતી. તેનું કારણ એ છે કે આ ત્રણેય મોટે ભાગે પરપ્રાંતિય હિન્દીભાષી, મજૂરોને જ ટારગેટ કરી સો, બસ્સો, પાંચસો જે મળે એ ચોરી લઇ તેને બહાનુ કરી રિક્ષામાંથી ઉતારી ભાગી નીકળતા હતાં.

વિગતો પર નજર કરીએ તો ઓટો રિક્ષામાં ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રિક્ષા લઇ સતત આટાફેરા કરી હિન્દીભાષી હોય તેવા તેમજ મજૂર જેવા લાગતા હોય તેવા લોકોને રિક્ષામાં મુસાફર તરીકે બેસાડી ઉલ્ટી ઉબકાનું નાટક કરી કે પછી ધક્કામુક્કી કરી મુસાફરનું ધ્યાન ભટકાવી ખિસ્સામાંથી રોકડ-પર્સ ચોરી લેતી રિક્ષાગેંગના બે શખ્સ અને એક યુવતિને ક્રાઇમ બ્રાંચે ઝડપી લીધા છે. આ ત્રિપુટીમાં સુત્રધાર કિશન ૯ ગુનાઓમાં અને સાગ્રીત ૫ ગુનાઓમાં અગાઉ પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

આ ત્રણેયએ મળી છેલ્લા એક મહિનામાં રાજકોટ, પાવાગઢ, મોરબી, બાવડા ચોકડી વિસ્તારમાં ૧૫ મુસાફરોને બેસાડી ખિસ્સા કાપી લીધાની કબુલાત આપી છે. જો કે આ પૈકી તાજેતરમાં એક ગુનો થોરાળા પોલીસમાં નોંધાયો હતો. ક્રાઇમ બ્રાંચની ટીમ મુસાફરોના ખિસ્સા કાપી લેતી ટોળકીને શોધવા તપાસમાં હતી ત્યારે એએસઆઇ વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. પ્રતિકસિંહ રાઠોડ, તુલસીભાઇ ચુડાસમા અને કોન્સ. સંજયભાઇ ખાખરીયાને બાતમી મળી હતી. આ પાક્કી માહિતીને આધારે સિવિલ



હોસ્પિટલ ચોક ખાતેથી કિશન ઉર્ફે કિશલો મગનભાઇ ભાંભળીયા (કાંતાબેન ડાભીના મકાનમાં, માલધારી સોસાયટી-૩, મુળ ખાવડી ગામ ઝૂપડામાં), વિરલ ઉર્ફ વિરૂ ગોવિંદભાઇ ઉદેશી ( નવાગામ ૫૦ વારીયા ઢાળ ઉપર) તથા હીના શરીફભાઇ મેમણ (ભગવતીપરા પોલીસ ચોકી પાસે શેરી નં. ૪)ને પકડી લઇ રોકડા ૨૪૦૦૦ અને જીજે૦૩સીટી-૧૬૩૯ નંબરની ૧.૨૦ લાખની રિક્ષા કબ્જે કરી હતી. પોલીસના કહેવા મુજબ કિશન ઉર્ફ કિશલો રીઢો ગુનેગાર છે.

કિશલા વિરૂધ્ધ રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, જુનાગઢમાં ચોરી, દારૂ સહિત ૯ ગુના નોંધાયેલા છે. જ્યારે વિરલ ઉર્ફે વિરૂ સામે ચોરી-દારૂ સહિત ૫ ગુના અને હીના વિરૂધ્ધ ચોરીનો એક ગુનો અગાઉ નોંધાયો હતો. છેલ્લા એક મહિનામાં આ ત્રણેયએ રાજકોટ, પાવાગઢ, મોરબી, બાવડામાં મુસાફરોને બેસાડી ખિસ્સામાંથી રોકડ-પર્સ ચોરી લીધા હતાં. આવા ૧૪ગુના કબુલ્યા છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ આર. કે. ગોહિલ, એએસઆઇ અશોક કલાલ, રણજીતસિહ પઢારીયા, વિજયરાજસિંહ જાડેજા, સંજયભાઇ દાફડા, હેડકોન્સ. સુભાષભાઇ ઘોઘારી, તુલસીભાઇ ચુડાસમા, પ્રતિકસિંહ રાઠોડ, મુકેશભાઇ સબાડ, કોન્સ. સંજયભાઇ ખાખરીયાએ આ કામગીરી કરી હતી.

ઝડપાયેલી ટોળકી પોતાના વિરૂધ્ધ નાની મોટી ચોરીમાં ગુના દાખલ થતાં ન હોઇ જેથી બિન્દાસ્ત બની વધુ ને વધુ ગુના આચરતી હતી. કિશન રિક્ષા હંકારતો અને વિરલ તથા હીના પાછળ બેસતા હતાં. આ ત્રણેય મોટે ભાગે હિન્દીભાષી પરપ્રાંતિય મજૂરોને જ શિકાર બનાવતાં હતાં. આવા લોકો મોટે ભાગે નાની મોટી રકમ ગઇ હોઇ ફરિયાદ પણ નોંધાવતા હોતાં નથી. આનો ફાયદો પણ આ ત્રિપુટી ઉઠાવતી હતી.

# જંગલેશ્વરમાં ૨૫૦ મકાન જોડિયા ભાઈ જેવા!

## મહાનગરપાલિકા દ્વારા કરાયેલા ડિમોલિશન દરમિયાન ઝડપથી આઈડેન્ટિટીફાઈ થઈ શકે તેવા ૨૫૦ મકાનોનું બાંધકામ, બારી બારણાં, કલર એક સરખાં જ જોવાં મળતાં અધિકારીઓની આંખો પણ પહોળી થઈ ગઈ!




રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૬માં આજી નદી પટા અને ટીપી સ્કીમ નં.૬માં ટીપી રોડ પર વર્ષોથી ખડકી દેવાયેલા ગેરકાયદે દબાણો દુર કરવા મહાનગરપાલિકા દ્વારા સોમવાર તા.૨૩મીથી હાથ ધરાયેલા મેગા ડિમોલિશન ગઈકાલે સાંજે શાંતિપૂર્ણ માહોલમાં સમેટાઈ ગયું છે. આજી નદી પટા અને ટીપી રોડ પર ખડકાયેલા ૧૪૮૯ દબાણો દુર કરીને અંદાજે રૂ.૩૫૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી છે. તેમ આજે કમિશનર તુષાર સુમેરાએ પત્રકાર પરિષદમાં સત્તાવાર રીતે જાહેર કર્યું હતું.

પત્રકારો સાથે વાતચિત કરતાં તેમણે કહ્યું કે,મહાનગર પાલિકા દ્વારા અગાઉ કરાયેલી જાહેરાત મુજબ તા.૨૩મીથી વોર્ડ નં.૧૬માં આજી નદી પટા અને ટીપી સ્કીમ નંબર ૬ ના ૧૫ મીટર રોડ પર ખડકી દેવાયેલા ૧૪૮૯ દબાણો દુર કરવા માટે ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, સોમવારે પહેલા દિવસે ૧૧૧૯ દબાણો દુર કરવામાં આવ્યા બાદ ગઈકાલે બાકી રહેલા દબાણો હટાવવાની કામગીરી સાંજ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવી છે. ૧૫ મીટર ટીપી રોડ પર ૩૩૭૫૦ ચોરસ મીટર જમીન પર ૪૯૭ અને આજી નદી પટામાં ૫૫ હજાર ચોરસ મીટર જમીન પર ૯૯૨ મળીને કુલ ૮૮,૭૫૦ ચોરસ મીટરમાં વર્ષોથી ઉભા કરી દેવાયેલા ૧૪૮૯ આવાસો અને દુકાનોના દબાણો દુર કરવામાં આવ્યા છે. તેઓએ કહ્યું હતું કે, ડિમોલિશન દરમિયાન જેમાં સ્લેબ ન હોય કે પતરાંવાળા મકાન હોય તેવા એક માળનાં ૫૦૦ મકાનો જોવા મળ્યા હતા.

આમાં પણ ૨૫૦ મકાન તો એવા હતા કે જેના બારી બારણાં, કલર અને બાંધકામ એક જ સરખા હતા. જેથી, તેની અલગ આઈડેન્ટીટી લાગે ! આજી નદી પટમાં ૯૯૨ મકાનોમાંથી ૫૦ થી ૧૦૦ વારના ૮૦૦ મકાનો હતા. આમાં પણ ૨૦૦ મકાનોમાં આધુનિક સુવિધાઓ જોવા મળી હતી. જેની કિંમત રૂ. પાંચ લાખથી વધુ હોય તેવા ૭૫૦થી વધુ મકાનો જોવા મળ્યા હતા. આ ઉપરાંત સમાન પ્રકારની ઓરડીઓ પણ જોવા મળી હતી જે ભાડે આપેલ હોવાનું દેખીતી રીતે જ જણાય આવતું હતું. અંદાજીત ૨૫૦ જેટલા મકાનો જેની અંદાજીત કીમત ૧૫ કે ૨૦ લાખ થી વધુ હોય તે પ્રકારના હતા. તેમણે ઉમેર્યું હતું કે પહેલા દિવસે સ્લેબ વગરના મકાનોનું ડિમોલિશન શાંતિપુર્વક થઈ ગયું હતું. પણ બીજા દિવસે બેથી પાંચ માળના મકાનોના ડિમોલિશનમાં વધુ સમય પસાર થયો હતો.

હાલમાં ડિમોલિશન કરાયેલા તમામ બાંધકામોનો કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી પુર્ણ થયા બાદ રોડ અને પ્રોટેક્શન દિવાલ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ટીપી સ્કીમ નં.૬ હેઠળ બાપુ નગરથી નડોદા નગર સુધીના સવા બે કિલોમીટર રોડ પર દબાણો ખડકાયેલા હતા. તે દુર કરાયા છે. ડિમોલિશન દરમિયાન જેની પાસે પુરાવા હોય તેવા સાચા મકાનો નહીવત જોવા મળ્યા હતા.

મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૩૭૦૦૦ આવાસો બનાવવામાં આવ્યા છે જેમાં જંગલેશ્વર વિસ્તારમાં હાલ સુધીમાં ૮૭૩ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. કમિશનરે એવું પણ કહ્યું હતું કે, ડિમોલિશન કામગીરીમાં મહાનગરપાલિકાના અધિકારીઓથી માંડીને મજૂરો સુધીના ૧૫૧૨ લોકો જોડાયા હતા. અને ૨૬૧ જેટલી અલગ અલગ મશીનરીથી ડિમોલિશન પાર પાડવામાં આવ્યું હતું. ડિમોલિશન માટે ૩૩,૨૬૪ માનવ કલાકનો વપરાઈ હતી. તેઓએ ઉમેર્યું હતું કે, ડિમોલિશન માટે અલગ અલગ સાત ઝોન (સેક્ટર) બનાવવામાં આવ્યા હતા. તેમાં ઝોન એક થી ત્રણમાં જ્યાં ખોખડદડ નદી અને આજી નદી ભળે છે તે આજી નદીના પટમાં પંચાવન હજાર ચોરસ મીટર જમીનમાં ૯૯૨ ગેરકાયદે દબાણો હોવાથી દરવર્ષે ચોમાસામાં જંગલેશ્વર અને આસપાસના વિસ્તારોમાં પૂરની ગંભીર પરિસ્થિતિ ઉભી થતી હતી. ૨૦૨૪માં સતત ચાર દિવસ પડેલા ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિને કારણે ૧૩૭૮ લોકોનું સ્થળાંતર કરાયું હતું અને ૩૭૦ લોકોનું રેસ્ક્યુ કરવું પડ્યું હતું.આ દબાણોને કારણે પૂરની પરિસ્થિતિ એટલી ખરાબ બની હતી કે મહાનગરપાલિકાના જે અધિકારીઓ રેસ્ક્યુ માટે ગયા હતા તેઓ પણ પૂરમાં ફસાયા હતા અને આ અધિકારીઓનું પણ રેસ્ક્યુ કરવું પડ્યું હતું.! આ વિસ્તારમાં એટલાં ગીચ દબાણો હતાં કે આગ, પૂર જેવી કુદરતી કે માનવસર્જિત હોનારતોમાં એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડનો સ્ટાફ પણ અંદર પ્રવેશી શકતો નહોતો. આ પત્રકાર પરિષદમાં ડીસીપી ઝોન ૧ના હેતલબેન પટેલે કહ્યું હતું કે, ડિમોલિશન પૂર્વે શહેર પોલીસ કમિશનર દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળ આવતા જંગલેશ્વર વિસ્તાર માટે તમામ સ્ટાફ સાથે કોર્ડિનેશન કરવામાં આવ્યું હતું. ડિમોલિશન પુર્વે અસરગ્રસ્ત વિસ્તારના આગેવાનો સાથે લોક દરબાર, શાંતિ સમિતિની બેઠક, મહોલ્લા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. ફરજ પર બે હજાર જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા જંગલેશ્વર વિસ્તાર ૨૦૦થી વધુ હિસ્ટ્રીશીટરો અને ગેંગનું આશ્રયસ્થાન બની ગયો હતો. આ વિસ્તારમાં નાની નાની ઓરડીઓ ભાડે આપીને ગુનાખોરી ચલાવાતી હતી. પોલીસ વિભાગ સમન્સ લઈને અંદર પ્રવેશી ન શકે તેવી સાંકડી શેરીઓમાં અસામાજિક તત્વોને આશરો અપાતો હતો. ડિમોલિશન અગાઉ અને ડિમોલિશન દરમિયાન પોલીસ તંત્ર દ્વારા સતત ફૂટ માર્ચ કરવામાં આવ્યું હતું આ પત્રકાર પરિષદમાં નાયબ કમિશનરો મહેશ જાની, ચેતન નંદાણી, પથિક પટેલ, હર્ષદ પટેલ, સમીર ધડુક, પી. ડી. અઢિયા, ડીવાય.એસ.પી. આર. બી. ઝાલા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### મેગા ડિમોલિશન : જાણવા જેવી બાબતો

- એકદમ કાચા મકાનોની સંખ્યા – ૫૦૦૦
- પાકા મકાનોની સંખ્યા – ૯૮૯
- ૫૦થી ૧૦૦ વારમાં ફેલાયેલા પાકા મકાનો – ૮૦૦
- ૧૦૦ વારથી વધુ ક્ષેત્રફળ અને આધુનિક સુખ સગવડો ધરાવતા મકાનો– ૫૦૦
- એક જ સરખા એલિવેશન અને કલરવાળા મકાનો – ૨૫૦

# વિધાનસભા સત્ર પૂરું થતાં જ મનપા ચૂંટણીની તારીખો જાહેર થવાની વકી

## એપ્રિલ મહિનામાં વસ્તી ગણતરી શરૂ થવાના પગલે શું ભાજપ નવા સીમાંકનનો લાભ લેવા વિચાર કરી શકે ? જો હા તો ચૂંટણી મે એન્ડમાં યોજાય તેવી સંભાવના



રાજકોટ, તા. ૨૫

મતદાર સુધારણા ની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે . અટકળો એ બાબતની હતી કે મહાનગરપાલિકાની તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ક્યારે જાહેર થશે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અત્યારે બોર્ડ પરીક્ષા શરૂ થઈ ચૂકી છે ત્યારે પરીક્ષા પૂર્ણ થયા બાદ ગમે તે ઘડીએ ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવે તો નવાઈ નહીં. પરંતુ ક્યાંક ને ક્યાંક જાણકાર વર્તુળો એવું પણ ચર્ચા રહ્યા છે કે વિધાનસભા સત્ર ૨૫ મી માર્ચે પૂર્ણ થતું હોવાથી ત્યારબાદ જ ચૂંટણીઓની તારીખ જાહેર કરી દેવામાં આવશે. તો ક્યાંક એવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે કે એપ્રિલ મહિનામાં વસ્તી ગણતરી યોજાશે જે ૧૯ મેના રોજ પૂર્ણ થઈ જશે કદાચ નવા સીમાંકનનો લાભ લેવા માટે મેના એન્ડ માં પણ ચૂંટણી આપવામાં આવે ભલે તે માટે એક માસ અગાઉ જ ચૂંટણી તારીખો જાહેર થાય.

હાલ આ અંગે હજુ સુધી કોઈ અધિકૃત માહિતી મળી નથી પરંતુ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે હાલ વિધાનસભા સત્ર બાદ ચૂંટણી પંચ દ્વારા તારીખો જાહેર કરી દેવામાં આવે અને પક્ષ કદાચ નવા સીમાંકનનો લાભ લેવા ન માંગે તો એપ્રિલ એન્ડ માં મહાનગરપાલિકાની તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ યોજાઈ તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ભાજપ પક્ષની વાત કરવામાં આવે તો હાલ અત્યારથી જ બુથ લેવલે જાગૃતતા કેળવવા અને લોકોનો સંપર્ક સાધવા માટેની કવાયત હાથ ધરવામાં આવી રહી છે તો બીજી તરફ વિપક્ષ એટલે કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ હાલ આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ પ્રજા વચ્ચે જઈ રહ્યા છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર ભાજપ આ વખતે પણ ફેવરેટ માનવામાં આવી રહ્યું છે ભલે આંતરિક વિખવાદ હોય કે ક્યાંક નારાજગી હોય પરંતુ ભાજપનું હોમવર્ક ખૂબ મહત્વનું પુરવાર થશે અને રાજકીય તજજ્ઞોનું માનવું છે કે ભાજપ આફતને અવસરમાં પણ ફેરવવામાં માહિર છે જે વિરોધી પક્ષ માટે સહેલું નથી. સૌથી મોટો પ્રશ્ન વિરોધ પક્ષ માટે હોય તો તે લોકોમાં વિશ્વાસ કેળવવાનો છે આમ આદમી પાર્ટી હાલ કોંગ્રેસથી પણ આગળ નીકળી ગઈ છે કારણ કે ગત મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસને પણ પછડાટનો સામનો કરવો પડ્યો હતો હા ઠીક છે ઉપલા કાંઠા વિસ્તારમાં એક વોર્ડમાં કોંગ્રેસે ચારે ચાર સીટ મેળવી હતી પરંતુ તે બાદ પક્ષની નિષ્ક્રિયતા પણ સૌથી વધુ જોવા મળી હતી અને આ જ મુદ્દો છે જે પ્રજાને સ્પર્શી ગયો છે. હાલ લોકોમાં ભરોસો સ્થાપિત કરવા દરેક પક્ષે એડી ચોટીનો જોર તો લગાવવું પડશે અને ખાસ મહાનગરપાલિકાની ચૂંટણી છે એટલે કે સામાન્ય પ્રશ્નોને યોગ્ય રીતે વાચા આપવામાં આવે તે અંગે પણ ભરોસો કેળવવો પડશે.

બીજી તરફ ભાજપ પક્ષ માટે આમ તો કોઈ પડકાર નથી પરંતુ બેઠક વહેંચણીની સાથો સાથ જે આંતરિક જૂથવાદ નો પ્રશ્ન છેલ્લા ઘણા સમયથી જોવા મળી રહ્યો છે તે કેવો ભાગ ભજવશે તે પણ જોવાનું રહ્યું. પરંતુ હાલ પ્રદેશના આદેશ અનુસાર અત્યારથી જ બાકી રહેતું હોમવર્ક યોગ્ય રીતે પરિપૂર્ણ કરવા માટે કાર્યકરથી લઈ ટોચના નેતા સુધી ચૂંટણી માટે મહેનત કરવામાં આવી રહી છે. ત્યારે ૧૮ વોર્ડની ૭૨ બેઠક અંગે કરવા માટે હાલ ભાજપ દ્વારા માસ્ટર પ્લાન પણ ગળી લેવામાં આવ્યો હોવાનું રાજકીય તજજ્ઞ જણાવી રહ્યા છે. એટલું જ નહીં તેઓનું માનવું છે કે ભાજપની સાતો સાત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં પણ આંતરિક પ્રશ્નો ટિકિટને લઈને જોવા મળી રહ્યા છે ત્યારે શું માઇક્રો પ્લાનિંગ કરવામાં વિરોધ પક્ષ સફળ થશે કે કેમ તે પણ ૧૦૦ મણનો સવાલ છે. હાલ પક્ષ માટે પણ સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે કોર્પોરેશનની ચૂંટણીઓની તારીખ ક્યારે જાહેર થાય.

# વોર્ડ ૩માં બે નગરસેવકો રીપીટ થવાની શકયતા



## અનામત બેઠકનું રોસ્ટર વોર્ડ નંબર ત્રણ માટે રહ્યું યથાવત : ડેપ્યુટી મેયર વોર્ડ ૩ માંથી ચૂંટણી લડે, કે વોર્ડ એકમાંથી તે જોવાનું રહ્યું

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીઓને હવે થોડો સમય જ બાકી રહ્યો છે ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર બોર્ડ પરીક્ષા પૂર્ણ થાય તે પહેલા જ આચાર સહિતા એટલે કે ચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવે તો નવાઈ નહીં ત્યારે દરેક રાજકીય પક્ષ પોતાના સામર્થ્ય સાથે મેદાનમાં ઉતરી ગયા છે અને મહાનગરપાલિકાની ચૂંટણી અંકે કરવા માટેના તમામ પ્રયત્નો હાથ ધરાઈ રહ્યા છે. હાલ દરેક રાજકીય પક્ષ માટે અને ખાસ તો ભાજપ માટે વોર્ડ વાઇઝ બેઠક વહેચણી નું કાર્ય અત્યંત જટિલ પુરવાર થાય તેવું રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે. વોર્ડ નંબર ત્રણ ની વાત કરવામાં આવે તો રોસ્ટર મુજબ પ્રથમ અને બીજી બેઠક સામાન્ય મહિલા અનામત માટે નિર્ધારિત કરવામાં આવી છે જ્યારે ત્રીજી બેઠક પછાત વર્ગ અને ચોથી બેઠક સામાન્ય વર્ગ માટે નક્કી કરાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ આ વોર્ડમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા પ્રવર્તમાન નગરસેવક તરીકે ફરજ બજાવી રહ્યા છે તો સાથે તેમની જોડે અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી અને બાબુભાઈ ઉધરેજા છે. હાલ સૂત્રોના જણાવ્યા અનુસાર અલ્પાબેન દવે તથા નરેન્દ્રસિંહ જાડેજા ને રીપીટ કરે તેવી શક્યતાઓ છે તો સામે એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી છે કે ઘંટેશ્વર વિસ્તાર કે જ્યાં ખુદ ડેપ્યુટી મેયર રહે છે તે વિસ્તાર હવે વોર્ડ એકમાં જોડાઈ ગયો છે ત્યારે આ વખતે પણ નરેન્દ્રસિંહ જાડેજા ચૂંટણી લડે તો નવાઈ નહીં. સામે સૂત્રોનું એવું પણ માનવું છે કે તેઓના કાર્યકાળમાં રેલ નગર સહિતના વિસ્તારોમાં ઘણો વિકાસ પણ થયો છે જેથી તેઓ વોર્ડ ત્રણથી જ ચૂંટણી લડી શકે છે.

રાજકોટ ભાજપ માટે મહત્વનું કેન્દ્ર છે અને તેમાં સત્તા ગુમાવવી કે ઓછી સીટથી સત્તા મેળવવી ભાજપ માટે હાર સમાન છે. પુરતી સીટ સાથે જ બહુમત મળે તો જ શહેર ભાજપની આબરૂ ટકી શકે છે. છેલ્લા ચૂંટણીમાં ભાજપને ૬૮ બેઠકોને કોંગ્રેસને માત્ર ૪ જ બેઠક મળી હતી. કમ સે કેમ આવો વિજય તો નવી ટીમે મેળવવો પડશે. આ માટે નવા રોટેશનને ધ્યાને રાખીને જ સબળા ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે. ગત ચૂંટણીમાં આયાતી ઉમેદવારો સામે વાંધા પડેલા અને આ વખતે પણ તેવી સ્થિતિ રોટેશનને કારણે થતા આંતરિક વિવાદ થાય નહીં તેનું ધ્યાન ભાજપે રાખવું પડશે. બીજી તરફ અલ્પાબેન દવે ગત મહાનગરપાલિકાની ચૂંટણીમાં શરબતિક મત સાથે નગરસેવક તરીકે ચૂંટાયા હતા અને તેઓ ખૂબ જ સક્રિય પડે લોકો વચ્ચે રહ્યા હોવાનું પણ વોર્ડ નંબર ત્રણના રહેવાસીઓ કહી રહ્યા છે. ત્યારે આ બાબતની ગંભીરતાને ધ્યાને લેવામાં આવે તો અલ્પાબેન દવેને પણ રીપીટ પક્ષ કરે તો નવાઈ નહીં. વાત રહી કુસુમબેન ટેકવાણીની તથા બાબુભાઈ ઉધરેજાની આ બંનેને નો રીપીટ કરવામાં આવે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે. સામાન્ય મહિલા અનામતની બેઠક હોવાથી અલ્પાબેન દવે રીપીટ થાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

બીજી તરફ વોર્ડ નંબર ત્રણ અનેકવિધ રીતે મહત્વતા ધરાવે છે ત્યારે પક્ષ માટે સૌથી મોટો પડકાર એ જ રહેશે કે તમામ જ્ઞાતિઓને કઈ રીતે સંતુલિત રાખી બેઠકોની વહેંચણી કરવી. બીજી તરફ આ વખતે સંગઠનમાં જે પ્રકારે ફેરફાર જોવા મળ્યા તે અનુસાર યુવાઓને પણ વધુ તક આપવામાં આવે તેવું ચિત્ર હાલ જોવાઈ રહ્યું છે. પરંતુ અત્યારથી જ દરેક નગરસેવકો કે જે ચૂંટણી લડવા માંગતા હોય તેવો દ્વારા લોબિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે પરંતુ અંતે પસંદગીનો કળશ કોના પર મૂકવામાં આવશે તે તો આવનારો સમય જ કહેશે. બીજી તરફ ઘણા નગર સેવકો અંગે લોકોમાં નારાજગી પણ જોવા મળી રહી છે.

રાજકીય વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ વોર્ડ નંબર ત્રણમાં જે બેઠકો ની યાદી જાહેર કરવામાં આવી તે ગત વર્ષની જેમ આ વખતે પણ યથાવત છે એટલે કે ડેપ્યુટી મેયર તથા મેયરના વોર્ડ નંબર ચારમાં કોઈ બેઠક વહેંચણીમાં ફેરફાર કરવામાં આવ્યો નથી ત્યારે અહીં રીપીટ કરવાની શક્યતા વધી જાય છે.